Kalpesh Chotalia Educational Material

सर्वत्रज्ञानम्

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# બાળગીત

# અભિનયગીત

## ભાગ : ૧

# :: અભિનય ગીત ::

# કાબરબેન કલબલીયા



કલબલીયા છે કલબલીયા,

કાબરબેન કલબલીયા...

ઝાડે ઝાડે કૂદતા ફરતા,

કલબલ કરતા કલબલીયા... કાબરબેન કલબલીયા...,

આંખે પીળી કોર છે પગ તેના પીળા,

પીળા રંગની ચાંચ છે ખુબ છે મોજીલા,

જાત જાતના અવાજ બોલે... કાબરબેન કલબલીયા...

માળો બાંધે ભીંતમાં છાપરાની નીચે,

માથાને ડોલાવતા આંખો એવી મીચે,

વ્હેલા જાગે કલબલ કરતાં .. કાબરબેન કલબલીયા...

ઝંપે ત્યારે જોડે બેસી કટ કટ કેવું બોલે,

વડલાનાં ટેટાઓ ખાતા ડાળે બેસી ડોલે,

ઉડે ત્યારે અવાજ કરતા .. કાબરબેન કલબલીયા...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# ખાતી નથી પીતી નથી




ખાતી નથી, પીતી નથી,
ઢિંગલી મારી બોલતી નથી,
બોલવા બા બોલ એને કેમ બોલાવુ,
એને કેમ બોલાવુ ... ખાતી નથી ...

ડોલમાં બેસાડી તેને નવરાવુ,
ચંપાના ફૂલની વેણી ગુંથાવુ,
તો પણ તે બોલતી નથી ... ખાતી નથી ...

ઘંટી ને ઘૂઘરો આપુ હું રમવા,
સોનાને પાટલે બેસાડુ જમવા,
તો પણ તે રમતી નથી... ખાતી નથી ...

પંખી બતાવું ડાળીએ ઝુલતા,
મેના પોપટને મોરલા ટહુકતા,
તો પણ તે ગાતીરે નથી ... ખાતી નથી ...



પહેરાવું ઝાંઝરીને રેશમી ઝબલું,
છુમ છુમ નાચુને વગાડું તબલું,
તો પણ તે નાચતી નથી ... ખાતી નથી ...

ચાંદામામા તો આકાશે રમતા,
બાબા ગાડીમાં ઢિંગલી બેન ફરતા,
મારે પણ બોલવુ નથી... ખાતી નથી ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## ચકીબેન



ચકીબેન ચકીબેન,
મારી સાથે રમવા આવશો કે નહિ,
આવશો કે નહિ...

બેસવાને પાટલો, સૂવાને ખાટલો,
ઓઢવાને પીંછા આપીશ તને... ચકીબેન ચકીબેન...

પહેરવાને સાડી મોરપીંછા વાળી,
ઘમ્મરીઓ ઘાઘરો આપીશ તને... ચકીબેન ચકીબેન...

ચણ ચણ ચણજો ચીંચીં બોલજો,
ખાવાને દાણા નાખીંશ ... ચકીબેન ચકીબેન...

તને બા નહીં બોલશે, બાપુ નહીં બોલશે,
નાનો બાબો તો ઉંઘી ગયો ... ચકીબેન ચકીબેન...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# એક કેતા ઉભા થાવ



એક કેતા ઉભા થાવ.



બે કેતા બેસી જાવ.



ત્રણ કેતા તાળી પાડો.



ચાર કેતા ચૂપ થઈ જાવ.



પાંચ કેતા પડી જાવ.



છ કેતા સંતાઈ જાવ.



સાત કેતા સૂઈ જાવ.



આઠ કેતા અદબ વાળો



નવ કેતા નમન કરો.



દશ કેતા દોડા દોડી કરો.



અગીયાર કેતા ઉભા થાવ.



બાર કેતા બેસી જાવ.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: અભિનય ગીત ::

## જીવાજી તારો નંબર




જીવાજી તારો નંબર છે જીરો,

હવે ભાઈ પડને તુ ધીરો જીવાજી.



એકડો તારો અજગર જેવો,



બગડો તારો બકરી જેવો,

તગડો તારો તુંબડી જેવો,




ચોગડો ચકલી જેવો... જીવાજી તારો ...



પાંચડો તારો પોપટ જેવો,

છગડો તારો છત્રી જેવો,



સાતડો તારો સમડી જેવો,

આઠડો આંખો જેવો... જીવાજી તારો ...



નવડો તારો નગારા જેવો,

દશડો તારો દાડમ જેવો,

તુ પોતે ભાઈ મીંડા જેવો,

તને શું નંબર દેવો... જીવાજી તારો ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: અભિનય ગીત ::

# ઢીંગલી તારા માંડવા રોપ્યા







ઢીંગલી તારા માંડવા રોપ્યા,
ઢોલ વાગે ઢમ ઢમ.

લાલજી મહારાજ લાડવા વાળે,
શાક વઘારે છ...મ (૨)




ઈલાબેન તો ચાખવા બેઠા,
જીભલડી ચમ ચમ...

પવલો પેલો પાવો ફુંકે,
પપૂડા પમ પમ... ઢીંગલી તારા...



જુનાગઢથી જાન આવી ને,
જાનડીયુ રૂમ ઝુમ,
વેલડા પેલા દોડતા આવે,
ઢોલીડા ઢમ ઢમ ... ઢીંગલી તારા...



ઢીંગલી બાઈના પગમાં ઝાંઝર,
ઘુઘરીઓ રૂમ જુમ,
નાકમાં એણે નથડી પહેરી,
કેવારે ચમ ચમ, ... ઢીંગલી તારા...

ઢીંગલી બેનતો સાસરે ચાલ્યા,
આસુંડા ટમ ટમ,
લાગશે કેવા ઘરને શેરી સુનારે સમ ... ઢીંગલી તારા...

શ્રી ભેરાણા પ્રાથમિક શાળા, તાલુકો : [illegible], જિલ્લો : જામનગર


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# પોપટ પાંજરામાં ...



પોપટ પાંજરામાં મીઠું મીઠું બોલે,

તેને સાંભળીને દિલ અમારું ડોલે... પોપટ પાંજરામાં...

લીલો લીલો રંગ એનો લીલો લીલો રંગ,

રાતી રાતી ચાંચ કાળો કાટલાનો રંગ ... પોપટ પાંજરામાં...

પેંડા ખાય, મરચા ખાય, ગોરસ આંબલી ખાય,

રામ રામ સીતારામ બોલતો જાય ... પોપટ પાંજરામાં...

પટ પટ થાય એની ગોળ ગોળ આંખો,

શોભે એની પુંછડીને,

શોભે એની આંખો ... પોપટ પાંજરામાં...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# ખીસકોલી બાઈ



નાની સરખી ખીસકોલી બાઈ,

જાત્રા કરવા જાઈ... જાત્રા...

સ્ટેશન ઉપર ટીકીટ લેતા,

માસ્તર ગભરાય જાય... નાની સરખી...

છુક છુક કરતા ગાડી આવી, બારણા ઉઘડી જાય,

નાના સરખા ખિસકોલી બાઈ, ઝટપટ બેસી જાય... નાની સરખી...

છુક છુક કરતા ગાડી ઉપડી, બારણા વસાઈ જાય,

નાના સરખા ખિસકોલી બાઈ કાશીએ જાય... નાની સરખી...

નાના સરખા ખિસકોલી બાઈ, ગંગાજીમાં ન્હાય,


નાના સરખા ખિસકોલી બાઈ, કાશીએ જાય... નાની સરખી...



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## એક રૂપિયાના દશકા દશ



એક રૂપિયાના દશકા દશ,

ખિસ્સામાં ખખડેને પડે મારો વટ.

એક દશકો મેં ભાઈને આપ્યો,

ભાઈએ મને ચોકલેટ આપી પટ... એક રૂપિયાના...

બે દશકા મેં પપ્પાને આપ્યા,

પપ્પાએ મને પીઠ થાબડી પટ... એક રૂપિયાના...

ત્રણ દશકા મેં મમ્મીને આપ્યા,

મમ્મીએ મને ઉંચકી લીધો પટ... એક રૂપિયાના...

ચાર દશકા મેં દાદીમાને આપ્યા,

દાદીમાએ મને બાથ ભરી પટ... એક રૂપિયાના...

સૌની ચીજ મેં સૌને આપી,

દાદીમાના દિકરાનો ભારે પડે વટ ... એક રૂપિયાના...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# એક એક ચકલી...



એક એક ચકલી ચણતી તી તી
એક એક ચકલી ચણતી તી તી...



એક આવી ગઈ ને થઈ ગઈ બે,
બે-બે ચકલી ચણતી તી તી...

એક આવી ગઈ ને થઈ ગઈ ત્રણ,
ત્રણ-ત્રણ ચકલી ચણતી તી તી...

એક આવી ગઈ ને થઈ ગઈ ચાર,
ચાર-ચાર ચકલી ચણતી તી...



એક ઉડી ગઈને થઈ ગઈ ત્રણ,
ત્રણ-ત્રણ ચકલી ચણતી તી...



એક ઉડી ગઈને થઈ ગઈ બે,
બે-બે ચકલી ચણતી તી...

એક ઉડી ગઈને થઈ ગઈ એક,
એક એક ચકલી ચણતી તી તી...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# બાપા ભોળીયા હો લાલ



બાપા ભોળીયા હો લાલ,

બાપા હળવે હળવે ચાલે.

બાપા લાંબી સુંઢ હલાવે,

બાપા સો મણ લાડું ઉડાવે.



બાપા બની ગયા દુંદાળા,

બાપા બેઠા રહે રઢિયાળા.



બાપા ઉંદરના અસ્વાર,

બાપા દુઃખડાના હરનાર.

બાપા સુખડાના દેનાર,


બાપા ભોળીયા હો લાલ.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# પેલા વાદળામાં...




પેલા વાદળામાં ચોક તો વિશાળ છે,
તેમાં સોહામણી સુંદર નિશાળ છે.

મારુ તો ચિત્ત ત્યાં ભમે,
મને એવી નિશાળ ગમે (૨)... પેલા...

નાના નાના તારલા ભણવાને આવે,
દૂધમલ મુખડા મલ–મલ મલકાવે...

નાચે કૂદે ને સૌ રમે,
મને એવી નિશાળ ગમે (૨)... પેલા...



ચાંદામામા તો પાઠ ભણાવે,
વાતો વાચુ મીઠા ગીતો સંભળાવે...



પરીઓના ગીત ત્યાં શમે,
મને એવી નિશાળ ગમે (૨)... પેલા...

સાત સાત રંગના બાંધ્યા મેં હીંચકા,
નીચે કુદે ને સૌ રમે...
મને એવી નિશાળ ગમે (૨)... પેલા...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: બાળગીત ::

# ચાલો રમીએ એન ઘેન



ચાલો રમીએ એન ઘેન,
એન ઘેન રે ભાઈ દીવા ઘેન રે... (૨)

સ્મીતાબેન આવશેને, હીનાબેનને લાવશે,
દાવ પહેલો દેશે કોણ ?
દાહીનો ઘોડો થાશે કોણ ?



દીપ્તીબેન થાશે ... ... ના ના ના
હેમાબેન થાશે ... ... ના ના ના
જ્યોતિબેન થાશે ... ... ના ના ના
મુકેશભાઈ થાશે ... ... હા હા હા

છુપાઈ જાજો છાના માના,
ગુપચુપ રહેજો મોટા નાના.



ડાહીનો ઘોડો છુટે છે,
પાણી પીતો છુટે છે,
રમતો જમતો છુટે છે,
રૂમઝુમ કરતો છુટે છે.

ચાલો રમીએ એન ઘેન,
એન ઘેન રે ભાઈ દીવા ઘેન રે... (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## લાલ ને લીલી

લાલ ને લીલી વાદળી પીળી,
કેસરી પીળી જાંબલીયાળી.

રંગબેરંગી ઓઢણી લઉં,
બેન મારી ને ઓઢવા દઉં.

ચંપા બકુલ માલતી પારૂલ,
મોગરાના ફૂલ બોરસલી ફૂલ.

બાગ માંથી હું ચૂટી લઉં,
બેના મારીને ગૂંથવાં દઉં.

સોને ઘડયા રૂપે ઘડયા,
નાના નાના ઘૂઘરા ઝીણા.

એવા બે ઝાંઝરીયો લઉં,
બેન મારી ને પહેરવા દઉં.

આઢણી તમે ઓઢજો બેની,
વેણી માથે ગુથજો બેની.

ઝાંઝર પગે બાંધજો બેની,
બાગમાં ઘૂમી હિંચકે હીંચી.

સાંજ રે ઘરે આવજો બેની,
ભાઈને સાથે લાવજો બેની.

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

# :: બાળગીત ::


# પોપટભાઈ

કોઈ બોલશો નહિ,
ઉંચે ઉંચે આકાશમાં નહિતર પોપટભાઈ ઉડી જશે,
અરે કોઈ દોડશો નહી.
નહિતર પોપટભાઈ ઉડી જશે ઉડી જશે ઉડી જશે... ઉડી જશે...



મોતી જેવી આંખને,
રાતી રાતી ચાંચને.

કાળો કાળો કાંઠલોને,
લીલો લીલો ડગલો,
એવા પોપટભાઈ ઉડી જશે.



નામ એનું ગંગારામ,
રોજ રોજ ફરતા રામ,
નીત નીત કરતા કામ,
ખાવાનું કામ કામ,
મરચાં પોપટભાઈ ખાઈ જાશે.

લીમડા પર માળો,
ફૂલ જેવો સુંવાળો,
કેવો હૂંફાળો ને સૌથી રૂપાળો,
એમાં પોપટભાઈ ઉંઘી જાશે...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# સોનાનો ઝુલો

સોનાનો ઝુલો રેશમની દોરી... (૨)
ઝુલામાં બેઠી છે ચાંદ ચકોરી... સોનાનો ઝુલો...

ઝુલો માડી ઝુલાવે ઊંચે ગગનમાં જાયે,
બેની બહુ હરખાયે થઈ થઈ નાચે ગાયે,
પરીઓના ટોળા આવે મધમધતા ફૂલડાં લાવે,
ચાંદા મામા ઢોળે રૂપની કટોરી... સોનાનો ઝુલો...


દેશુ બેનીને રમવા ચાંદો સૂરજને તારા,
આપીશું નવરંગી માળા નાના રમકડાં પ્યારા,
મેના કોયલ આવે મધુરા ગીતો સૂણાવે,
ઝટ પોઢી જાયે બેની મારી ... સોનાનો ઝુલો...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: <u>બાળગીત</u> ::

# <u>રંગે છે કાળી કંઠે રૂપાળી</u>



રંગે છે કાળી કંઠે રૂપાળી,
કાળી કોયલ મને ગમતી રે ...

આવે ફાગણીયો તું હરખાતી,
વધાઈ ગીત તું વસંતના ગાતી,
વન વન કુંજ કુંજ રમતી રે...કાળી ...

આંબાની ડાળીએ હિંચકા ખાતી,
મંજરીઓ જોઈ ને તું મલકાતી,
વ્હેલી સવારે સાદ કરતી રે ... કાળી ...

તુંતો કદીના માળો બનાવતી,
લુચ્ચા કાગાને છેતરી જાતી,
નર્તન્તી ગાતી તું તો ફરતી રે ... કાળી ...

ચૈતર વૈશાખના બળબળતા તાપે,
ગાતી પંચમસુર મસ્ત આલાપે,
સહુ દિશાએ સાદ કરતી રે ... કાળી ...




શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# ગાડાવાળા...




ગાડાવાળા ગાડાવાળા ગાડાવાળા રે,

ધીમેથી હંકાર તારું ગાડુ આજે રે...

ધોળા ધોળા બળદિયા ને શિંગડા બબ્બે,


તારા ગાડામાં વિરા બેસવાદે જે,



થાક લાગ્યો, થાક લાગ્યો, થાક લાગ્યો રે,

ધીમેથી હંકાર તારું ગાડુ આજે રે...

રણજીત સાગર જાવુ છે ને રસ્તો ઘણો દૂર છે,



વચ્ચે મોટી નદી આવે તેમાં ઘણુ પૂર છે,

જલ્દી જાવુ, જલ્દી જાવુ, જલ્દી જાવુ રે,

ધીમેથી હંકાર તારું ગાડુ આજે રે...

મીતલબેન આવશેને અલ્પેશભાઈને લાવશે,

સાથે પેલા સુશીલાબેનને આવવા લલચાવશે,

સહુએ સાથે, સહુએ સાથે, સહુએ સાથે રે,

ધીમેથી હંકાર તારુ ગાડુ આજ **રે...**

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## ગુપચુપ બેસી જાવ



ગુપચુપ બેસી જાઓ, છાના માના બેસી જાઓ,
રમીએ પકડ દાવ ... (૨)
અમે રમીએ પકડ દાવ ...(૨)

સમજીજા ગીતા, ભાનુનો દાવ છે,
ભાગીજા ભગાય ત્યાં, નહિ તો તારી વાત છે.



દુર દુર ભાગી જાઓ, બુમા બુમ કરોના,
રમીએ પકડ દાવ, રમીએ પકડ દાવ.

બેબી છુપાઈ ગઈ, વિમલ છુપાઈ ગયો,
રાજેશ છુપાઈ ગયો, વિનોદ છુપાઈ ગયો.



કોઈએ દેખાયના, કોઈએ પકડાવના,
અમે રમીએ પકડદાવ.



વાદળના ગોખમાં તારા સંતાઈ ગયા,
જાણે આકાશમાં છુપાઈ ગયા.

ચાંદામામા એકલા દોડતાને શોધતા,
રમીએ પકડદાવ રમીએ પકડદાવ...


શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : [illegible], જિલ્લો : જામનગર

# :: બાળગીત ::


## બા પેલા બાગમાં



બા પેલા બાગમાં દોડી દોડી જાઉં,
નાના છોડવાને પાણી પાઉં પાઉં પાઉં...



આંબાની ડાળીએ ટહુકે કોયલડી,
કોયલ સાથે ગીત ગાઉં ગાઉં ગાઉં...
ના... ના... ના...



વડલાની ડાળીએ બાંધ્યો છે હિંચકો,
હિંચકે હિંચકા ખાઉં ખાઉં ખાઉં...
ના... ના... ના...

રઢિયાળા બાગમાં નાચે છે મોરલા,
મોરલા બોલે મેહઆઉ મેહઆઉ...
ના... ના... ના...



છોડવે છોડવે ઉડે પતંગીયા,
એને પકડવા જાઉ જાઉ...
ના... ના... ના...

નાના છોડવાને પાણી પાઉં પાઉં...
બા પેલા બાગમાં દોડી દોડી જાઉં,
નાના છોડવાને પાણી પાઉં પાઉં પાઉં...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## તમે ઓરા આવો ને અહીં



તમે ઓરા આવો ને અહીં,
તમારા કાનમાં કહેવુ કંઈ,
બીજા કોઈ સાંભળી જાશો નહિ,
કે વાત મારી કોઈને કહેશો નહિ.

મુંબઈથી મારે ઘેર મહેમાન આવ્યા,
સરસ મજાના રમકડા લાવ્યા,
હું તો રાજી રાજી થઈ કે વાત મારી ...

ભોજન ભજીયાને ચૂરમાના લાડવા,
તીખાતીખા દાળ શાક ભાત તીખા તીખા અથાણા,
મેં તો લગીરે ખાધુ નહિ કે વાતમારી ...




સીનેમાં જોવા ગ્યાતા છેલા શોમાં,
સમજણ પડે નહિ મને કંઈ એમાં,
હું તો ખૂરશીમાં ઉંઘી ગઈ કે વાતમારી,
કોઈને કહેશો નહિ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર


## :: બાળગીત ::

# બા મને લાવી દે




બા મને લાવી દે આભનો ચાંદલો,
એ રોતો નાનો બાબલો.

ઉગ્યો ચાંદલીયો આભને આરે,
ટમકે તારલીયા જીણા જીણા રે,
ધીમું હસ્તો તો શુક્રનો તારલો ...




બાબાને લઈને બા આમતેમ ફરતી,
લાવુ શી રીતે ચાંદ ખુબ એ વચારતી,
તેમ બાબલો થાતો ઉતાવળો,
ચાલ બાબા ... ... ... ચાલ જઈએ,



ઉંચી અગાશીએ,
આભના એ ચાંદલાને પકડીને લાવીએ,
કહે બાબલો થાતો ઉતાવળો...

થાળ ભરી પાણીનો લાવીને મુકયો,
પકડીને ચાંદલો એમાં પુરી દીધો,
જો જો બાબલા ચાંદલો મળી ગયો ચાંદલો ...



વાટકો ભરીને દૂધ ચાંદલાને પાયુ,
વાટકી ભરીને દૂધ બાબલાએ પીધું,
ત્યાંતો નીંદરડી હાલરડું ગાયું,
પછી પોઢી ગયો નાના બાબલો ... બા મને ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## ધીમે ધીમે આવજે પવન

ધીમે ધીમે, ધીમે ધીમે આવજે પવન
ચુંદડી અમારી ઊડી ઊડી જાય...

કેસરીયા રંગની ચુંદડી અમારી,
જાણે સંધ્યાની ઊઘડતી બારી,
મંદમંદ મધુર ગીત ગાજે પવન,
ચુંદડી અમારી ઊડી ઊડી જાય...

ઝૂમે છે ફૂલડાં ને ઝૂમે છે ડાળીઓ,
ફરફરતા પાંદડાંઓ પાડે છે તાળીઓ,
મલકંતી માલતી રીઝાવજે પવન,
ચુંદડી અમારી ઊડી ઊડી જાય...

તારો મધુર સૂર ડુંગરાની ધારે,
મસ્ત બની ઘુમતો નદીઓના આરે,
કોયલનો કંઠ તુ સુણાવજે પવન,
ચુંદડી અમારી ઊડી ઊડી જાય...

રંગ નહીં અંગ નહીં તું તો દેખાય નહિ,
તારા તે ગીતથી હૈયું ભરાય નહિ,
ફૂલોની સૂરભિ ફેલાવજે પવન,
ચુંદડી અમારી ઊડી ઊડી જાય...

શ્રી કેવડાયા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# સપનાની વાત



સપનાની વાત કહુ સપનાની વાત,
ભાઈ મારા સાંભળ તું સપનાની વાત.



કો'ક દી હું સપનામાં આકાશે ઉડતો,
ચાંદા મામાની સાથે હું ઘુમતો,
તારાઓ ભાઈ, મારા પગે અડી જાય ...ભાઈ

કો'ક દી હું પરીઓના દેશમાં પહોંચતો,
પરીઓના ખોળલે, સુખે હું પોઢતો,
પરીઓની પાંખ મને, પંખો નાખી જાય ...ભાઈ

કો'ક દી હું સાગરમાં ડૂબકી મારતો,
માછલીના દેશમાં, મોતીઓ વીણતો,
માછલીઓ મને ખુબ ઊંડે લઈ જાય ...ભાઈ



કો'ક દી હું બગીચે ફૂલડા વિણતો,
રંગીન પતંગીયાને હું તો પકડતો,
પવનોની લ્હેરથી સુંગધ ફોરાય ...ભાઈ

કો'ક દી હું ડુંગરાની ટોચ પર ચઢતો,
વાદળાને મારા હાથથી વિંઝતો,
વાદળાઓ વરસીને ભીંજવી જાય ...ભાઈ

કો'ક દી મધ દરિયે હું હોડી હંકારતો,
હલ્લેસા મારીને દુર દુર પહોંચતો,
સાગરના મોજાઓ હિલ્લોળા ખાય ...ભાઈ


સ્વપનાની વાત કહુ સપનાની વાત,
ભાઈ મારા સાંભળ તું સપનાની વાત.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# ઘોડા ગાડી



ઘોડા ગાડી, ઘોડા ગાડી,
ઘોડા ગાડીમાં, બેસો મારા માડી...

માઁ માઁ તુજને દુર દેશ લઈ જાઉં,
સીંધુ ગંગા યમુના નદીના,
પૂર ઓળંગી જાઉં,
લાઉં બ્રહ્મ દેશની સાડી... ઘોડા ગાડી...



માઁ માઁ તૂજને ચંદ્રલોક લઇ જાઉં,
રવિ સોમ મંગળ બુધ ગુરુ,
ને શુક્ર શનિ બતલાઉં,
એ સાત ગ્રહોની જોડી... ઘોડા ગાડી...

માઁ માઁ તૂજને પરીલોક લઈ જાઉં,
રંગબેરંગી પાંખો વાળી,
એક પરી લઈ આવુ,
તેને બનાવું તારી નાની લાડી... ઘોડા ગાડી...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# દાદા હાલોને



દાદા હાલોને
દા દા હાલો હુતુતુ રમવા,
હારે દા દા હાલો હુતુતુ રમવા.

ભાઈને બેનતો કેવા નાના નાના ...
રે દા... દા... રે દા... દા...તમેતો મોટા કેમ?

ભાઈને બહેનના વાળ વાંકળીયા,
રે દા... દા...રે દા... દા... તમારે ટાલ કેમ થઇ?

ભાઈને બહેનના પેટ પાતળીયા,
રે દા... દા... રે દા... દા... તમારે ફાંદ કેમ થઇ?

ભાઈને બહેનના દાંત દાડમ કળી,
રે દા... દા... રે દા... દા...તમારે દાંત કેમ નહી ?

ભાઈને બહેન તો કેવા દોડે કુદે,
રે દા... દા... રે દા... દા... તમે કેમ બેઠા અહિં ?

દા દા હાલો હુતુતુ રમવા,
હારે દા દા હાલો હુતુતુ રમવા.




WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

# :: બાળગીત ::

# ચલ મેરા ઘોડા

ચલ મેરા ઘોડા રે તબડક તબડક તબડકરે... (૨)



જંગલ આવે, જાળી આવે,

નદીઓ આવે, નાળા આવે,

તરસ લાગી છે? આ પાણી પીવું છે ?

નાના નાના નાના રે... ચલ મેરા...

ચલ મેરા ઘોડા રે તબડક તબડક તબડકરે



વાંકા ચૂકા રસ્તા આવે,

ઉંચા–નીચા પહાડ આવે,



આ ચણા ખાવા છે? આ ગોળ ખાવો છે ?

નાના નાના નાના રે... ચલ મેરા...

ચલ મેરા ઘોડા રે તબડક તબડક તબડકરે

મામાનું ઘર દુર દુર, ચલ મેરા ઘોડા તૂ ચતુર,

થાક લાગ્યો છે ? આરામ કરવો છે ?

હાહા હાહા હાહા રે... ચલ મેરા...

ચલ મેરા ઘોડા રે તબડક તબડક તબડકરે

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# મજા પડે રજા પડે

મજા પડે મજા પડે



જો રોજ રોજ રમવાની રજા પડે (૨)

ખેતરમાં ખેડુને કહીએ બૂમ પાડી

ખેડુભાઈ (૨) રમવા આવોને આગગાડી

ખેડુ કહે; લોક સૌ ભૂખે મરે...

જો રોજ રોજ રમવાની રજા પડે... મજા પડે...


**ચાંદા સુરજ ની પાસે જઇ પુછીએ**

**રમવા આવોને વીરા સંગે મળી કૂદીએ,**

**બેઉ બોલ્યા અંધારે જગ સૌ ડરે**

**જો રોજ રોજ રમવાની રજા પડે... મજા પડે...**

ફૂલને જઇ પૂછીએ ડાળીએ ઝૂલતાં



અમારી સંગે કેમ રમવાનું ભુલતાં ?

ફૂલ કહે: દેવ શીર કોણ ચડે ?

જો રોજ રોજ રમવાની રજા પડે... મજા પડે...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# નાની શી ઝુપડીમાં

નાની શી ઝુપડીમાં ગંગાડોશી રહેતાતા,
સવારે ઉઠીને ડોશી રામ નામ લેતાતા,
નાની શી ઝુપડીમાં...



કચરો કાઢીને ઝુપડી સાફસુફ કરતાતા,
નાહી ધોઈને ડોશી પાણીડા ભરતાતા,
નાની શી ઝુપડીમાં...

આંગણે ગુલાબને મોગરો ઝુલતાતા,
પુજાને કાજે ડોશી ફૂલડા વિણતાતા,
નાની શી ઝુપડીમાં...

રોટલોને દાળશાક ડોશીમાં કરતા તા,
જમી કરીને ડોશી બે ઘડી ઉંઘતા તા,
નાની શી ઝુપડીમાં...



બપોરે ગામના દરણા દળતાતા,
દળી દળી ડોશી પેટ જ ભરતાતા,
નાની શી ઝુપડીમાં...

સાંજે રે ગામના છોકરાવ આવતાતા,
ગંગામાં તેમને વારતા કહેતા તા,
એક હતો ચકો એક હતી ચકી,
ચકો લાવે ચોખાનો દાણો ચકી લાવે મગનો દાણો,
તેમની રાંધી ખીચડી,
નાની શી ઝુપડીમાં...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# તળાવમાં માછલા




તળાવમાં માછલા તરતા હતા,

અમારામાં કોક કોક ડરતા હતા,

તળાવમાં માછલા તરતા હતા.

સોનેરી રંગ વાળા રૂપેરી રંગવાળા,



વચમાં બે કાચબા તરતા હતા,

તળાવમાં માછલા તરતા હતા.

જો નાખ્યા દાળીયા ઉપર આવ્યા,

નાનુ નાનુ મોટું ખોલતા હતા,



તળાવમાં માછલા તરતા હતા.

નાના માછલા મોટા મોટા માછલા,

એક બીજા સાથે રમતા હતા,


તળાવમાં માછલા તરતા હતા.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: બાળગીત ::

# પેલી બકરી બોલે




પેલી બકરી બોલે બે... બે... બે...

એતો સાંજ સવારે દુધ જ દે ...



પેલો વાંદરો બોલે હુપ હુપ હુપ,

તેને શીંગ ચણાતો ભાવે બહુ.




પેલી બિલ્લી બોલે મ્યાઉ મ્યાઉ મ્યાઉ,


તેને દુધ દહીંતો ભાવે બહુ.



પેલી ચકલી બોલે ચીં ચીં ચીં,

એને દાણા ચણવા ગમતા બહુ.





પેલો કુતરો બોલે હાઉં હાઉં હાઉં,

કહે રાત તણો હું રાજા છું.

પેલી બકરી બોલે બે... બે... બે...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: <u>અભિનય ગીત</u> ::

# <u>લાવી મજાની ઢિંગલી</u>



હું તો લાવી મજાની ઢિંગલી,


તેની આંખો કેવી પીંગળી... હું તો...

તેના હાથમાં કંકણ શોભે છે,

તેના પગમાં ઝાંઝર શોભે છે... હું તો...

તેના ભાલે ટીલડી શોભે છે,

તે તો ચણીયા ચોળી પહેરે છે... હું તો...



તેની માથે ચુંદડી લહેરે છે,

તેને ઘોડીયામાં સુવડાવુ છું,


તેના હાલરડા હું ગાઉં છું... હું તો...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: <u>બાળગીત</u> ::

# <u>ડીંગ ડીંગ ચાલે સસલા</u>



ડીગ ડીગ ડીગ ચાલે સસલા,

કુણા તરણા ખાતા રે...


દોડી દોડી જાતા રે,

ટગ મગ ટગ મગ જોતા, એતો કેવા સસલા... ડીગ ડીગ...



ધીંગા મસ્તી કરતા એતો બથંબથી કરતા,

રમત ગમત કરતા, એતો નાના સસલા... ડીગ ડીગ...



રેશમ જેવા સુવાળા ધોળા ધોળા રૂપાળા,

ધીમે કુદકા મારે, એતો કેવા સસલા... ડીગ ડીગ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# રમકડા લ્યો રમકડા




રમકડા લ્યો રમકડા,

જાત જાતના લ્યો રમકડા.

નાનાને મોટા ચાવીથી ચાલતા,

પાણીમાં તરતા રમકડા,

જાત જાતના લ્યો રમકડા.




સાઈકલને મોટર ચાવીથી ચાલતા,

પાટા ઉપર સીધી આગગાડી દોડે,

એન્જિનમાં નીકળે ધુમાડા,

જાત જાતના લ્યો રમકડા.



નાની ને મોટી ઢિંગલીઓ લે જો,

હરેશભાઈ ને માટે ઘુઘરો રે લે જો,

સુનીલભાઈ ને માટે વાજા રે,

જાત જાતના લ્યો રમકડા.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## લાલાજીની પાઘડી ગોળ






લાલાજીની પાઘડી ગોળ,

ચાંદો ગોળ સૂરજ ગોળ,

બેન કહેતા પૃથ્વી ગોળ.




એક ઓરડાને ચાર દિવાલ,

તેને ખૂણા ચાર છે,

એક બે ત્રણ ચાર,

તેને કહેવાય ચોરસ... લાલાજી...



મેં ખાધુ એક સમોસુ,


તીખું તીખું ગરમ ગરમ,

તાજુ તાજુને ગરમ ગરમ,

તેને ખૂણા ત્રણ છે,

એક બે ત્રણ,

તેને કહેવાય ત્રિકોણ ... લાલાજી...



લાલાજીની પાઘડી ગોળ,

ચાંદો ગોળ સૂરજ ગોળ,

બેન કહેતા પૃથ્વી ગોળ.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# તને ચકલી બોલાવે




તને ચકલી બોલાવે,





તને પોપટ બોલાવે,


તને બોલાવે કુતરું કાળું,




એતો વાકી પૂંછડી વાળુ.







નાના ચાર ગલુડીયા,



એક રંગે કાળુ, બીજુ રંગે ધોળુ,

ત્રીજુ લાલ, લાલને કાળા ધાબા વાળુ,

એક કહે  અમારુ,

બીજુ કહે અમારુ,

રૂપાળું રૂપાળું સૌ કહે અમારુ.

તને ચકલી બોલાવે, તને પોપટ બોલાવે,

તને બોલાવે કુતરું કાળું એતો વાંકી પૂંછડી વાળુ.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## ટ્રીન ટ્રીન ટેલિફોન



ટ્રીન ટ્રીન ટેલિફોન ... (૨)
હલો હલો હલો ...



કોણ બોલે છે આ તો ...
મારા મમ્મીનો અવાજ લાગે છે !
મમ્મી મમ્મી જલ્દી આવજો,
મારા માટે ચોકલેટ લાવજો.



**ટ્રીન ટ્રીન ટેલિફોન ... (૨)**
**હલો હલો હલો ...**
**કોણ બોલે છે આ તો ...**
**મારા પપ્પાનો અવાજ લાગે છે !**
**પપ્પા પપ્પા જલ્દી આવજો,**
**મારા માટે પ્લેન લાવજો.**



ટ્રીન ટ્રીન ટેલિફોન ... (૨)
હલો હલો હલો ...
કોણ બોલે છે આ તો ...
મારા દાદીનો અવાજ લાગે છે !
દાદી દાદી જલ્દી આવજો,
મારા માટે બેગ લાવજો.




**ટ્રીન ટ્રીન ટેલિફોન ... (૨)**
**હલો હલો હલો ...**
**કોણ બોલે છે આ તો ...**
**મારા દાદાનો અવાજ લાગે છે !**
**દાદા દાદા જલ્દી આવજો,**
**મારા માટે રમકડાં લાવજો.**

**શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર**

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# પંખી બની ઉડી જઈએ




પંખી બની ઉડી જઈએ,

હો હો હો ચાંદા મામાના દેશમાં.

રૂપાળા પરીઓના દેશ, ચાંદા મામા,

ચાંદા મામા પંખી, પરી બની ઉડી જઈએ... હો હો હો...



કાળા કાળા વાદળાના દેશ ચાંદા મામા,

વાદળ બની વરસી જઈએ... હો હો હો...

ટમટમતા તારલાના દેશ ચાંદા મામા,

તારા બની ચમકી જઈએ... હો હો હો...



પંખી બની ઉડી જઈએ,

હો હો હો ચાંદા મામાના દેશમાં.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# ધોળા ધોળા બગલા



ધોળા ધોળા બગલા બોલે બક બક ભાઈ,

ચાલી જાણે એની ટપ ટપ ટપ ભાઈ.

હરતા ફરતા ફાળો ભરતા,

પાણીડા પીતા ઘટ ઘટ ઘટ ભાઈ... ધોળા ધોળા...

નદી તળાવ સરોવર પાળ,

માછલા પકડતા ટપ ટપ ટપભાઈ... ધોળા ધોળા...



હસતા રમતા સૌને ગમતા

કરતા નહીં વેર ઝેર ખટપટભાઈ...ધોળા ધોળા...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::


# મેં તો ફૂલોના રંગમાં જોયા




મેં તો ફૂલોના રંગમાં જોયા કે ભગવાન હસતા'તા
એ તો ડાળિયોના હીંચકે બેઠા કે ભગવાન ઝૂલતા'તા




મેં તો સૂરજના તેજમાં જોયા કે ભગવાન ઝળહળતા
રાતે તારાની રંગોળી પૂરે કે ભગવાન ઝગમગતા



મેં તો પંખીનાં ગીત મીઠાં સુણ્યાં કે ભગવાન ગાતા'તા
એની ઊંચે ફરકતી પાંખો કે ભગવાન ઉડતા'તા



મેં તો નદીઓનાં નીરમાં જોયા કે ભગવાન વહેતા'તા
એ તો વરસાદની ધારે નવરાવે કે ભગવાન વર્ષ્યાં તા



મારા મંદિરની મૂર્તિમાં જોયા કે ભગવાન મલકાતા
મેં તો માતા-પિતામાં જોયા કે ભગવાન રહેતા'તા



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::
# મંદિર તારે ગમે આવવું



મંદિર તારે ગમે આવવું લઈ પૂજાનાં ફૂલ,

સવાર સાંજે ચરણે તારે, ભેટ ધરું અણમૂલ !...



અહો ! અહો ! આ હાથ મારા, તારી પૂજાનાં ફૂલ !

દેવ, અહો ! આ ચરણો મારા, તારી પૂજાનાં ફૂલ !...



અહો ! અહો ! આ આંખો મારી, તારી પૂજાનાં ફૂલ !

દેવ, અહો ! આ નાક માટં, તારી પૂજાનું ફૂલ !...



અહો ! અહો ! આ હૈયું માટં, તારી પૂજાનું ફૂલ !

નાનકડી આ કાર્ય મારી, તારી પૂજાનું ફૂલ !...



અહો ! અહો ! આ વાણી, મારી તારી પૂજાનું ફૂલ !

દેવ, અહો ! આ ગીત મારાં, તારી પૂજાનાં ફૂલ !...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# મમ્મી મારી ઢીંગલી



મમ્મી મારી ઢીંગલી બોલતી થઈ,

પટ પટ અંગ્રેજી બોલતી થઈ...મમ્મી



સવારમાં એ 'ગુડ મોર્નિંગ' સુણાવે,

બપોરે 'ગુડ નૂન' કહીને બોલાવે,

રાતે એ 'ગુડ નાઈટ' કહેતી થઈ...મમ્મી



મમ્મી તને 'મધર' કહીને બોલાવે,

પપ્પાને 'ફાધર' કહીને બોલાવે,

મને એ 'સિસ્ટર' કહેતી થઈ...મમ્મી



શાળામાં ટીચરને 'સર' કહી બોલાવે,

મિત્રોને 'હાઉ ડુ યુ' કહીને બોલાવે,

વાતે વાતે 'વેરી ગુડ' કહેતી થઈ...મમ્મી

મહેમાન આવે ત્યારે 'વેલકમ' કહેતી, *Wel Come*

મહેમાન જાય ત્યારે 'ગુડબાય' કહેતી, *Good By*

ફોન પર 'હલ્લો' કહેતી થઈ...મમ્મી *Helooooo*

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: બાળગીત ::


## અમે ફેર ફૂદરડી



અમે ફેર ફૂદરડી રમતા'તા ... અમે

ફેર ફૂદરડી ફરતા ફરતા,
બેસી જવાની કેવી મઝા ... અમે

અમે સાતતાળી રમતા'તા,
અમે દોડં દોડ કરતા'તા,
દોડં દોડા કરતાં, કરતાં,
ઊભા રહેવાની કેવી મઝા .. અમે



અમે સંતાકૂકડી રમતા'તા,
અમે ખોળં ખોળા કરતા'તા,
ખોળં ખોળા કરતાં, કરતાં,
શોધી લેવાની કેવી મઝા ... અમે



અમે આંબલી, પીપળી રમતા'તા,
અમે ઝાડે ઝાડે ચડતા'તા,
ઝાડે ઝાડે ચડતા, ચડતા,
કૂદી જવાની કેવી મઝા ... અમે

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

# :: અભિનય ગીત ::

## અંતર મંતર જંતર




અંતર મંતર જંતર, હું જાણું છું રે મંતર
તને ચકલી બનાવી દઉં,
તને કાગડો બનાવી દઉં ... અંતર મંતર



જુઓ આ ટોપલી છે ખાલી,
તેમાં પરી બેઠી છે મતવાલી,
મારી ટોપલીમાં જાદુ,
એમાં પરીને બેસાડું
એનું સસલું બનાવી દઉં ... અંતર મંતર





જુઓ, આ ગંજીપાની રમત,
રમતમાં છે મોટી ગમ્મત,
પહેલા ગુલામ આવે છે,
પછી રાણી આવે છે,
તેનો બાદશાહ બનાવી દઉં ... અંતર મંતર



જુઓ, આ ઢીંગુજી છે નાના,
તેનું નામ પાડ્યું છે મેં પીંગું,
પીંગુ ખૂબ દોડે છે,
મોટા ઝાડ તોડે છે,
તેને લંબુ બનાવી દઉં ... અંતર મંતર



શ્રી કેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## તું અહીંયા રમવા આવ



તું અહીંયા રમવા આવ

મજાની ખિસકોલી

તું દોડ તને દઉં દાવ ... મજાની

તું કેવી હસે ને રમે ... મજાની

તારા કૂદકા તો બહુ ગમે ... મજાની

તું જ્યારે ખીલ ખીલ ખાય ... મજાની

તારી પૂંછડી ઉંચી થાય ... મજાની



તારે અંગે સુંદર પટા ... મજાની

તારી ખાવની શી અદા ... મજાની

તું ઝાડે ઝાડે ચડે ... મજાની



કેવી મજા ત્યાં પડે ... મજાની

બહુ ચંચળ તારી જાત ... મજાની

તું ઉંદરભાઈની નાત ... મજાની

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## દાદાજીનો ઘોકો લીધો



દાદાજીનો ઘોકો લીધો,
ઘોકાનો મેં ઘોડો કીધો,
ઘોડો કૂદે ઝમઝમ,
ઘૂઘરી વાગે ઘમ ઘમ,
ધરતી ધ્રુજે ધમ ધમ.

ધમધમ ધરતી થાતી જાય,
મારો ઘોડો કૂદ્યો જાય,
કૂદતા કૂદતા આવ્યો કોટ,
કોટ મૂકીને દીધી દોટ.



સહુના મનને મોઈ રહ્યો,
ને એક ઝવેરી જોઈ રહ્યો,
ઝવેરીએ તો હીરો દીધો,
હીરો મેં રાજાને દીધો.

રાજાએ ઊતાર્યો તાજ,
આપ્યું મુને આખું રાજ,
રાજ મેં રૈયતને દીધું,
મોજ કરીને ખાધું પીધું !

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# એક હતી ચકી ને



એક હતી ચકી ને એક ચકારાણા,
દિવસ ગુજારે થઈને ખૂબ શાણા.

એક દિવસની વાત છે, ભાઈ,
ચકીબેન રીસાણા છે, ભાઈ,
ચકી કહે ચકાને તું જા... જા... જા...

ખાઉં નહીં, પીઉં નહીં,
તારી સાથે બોલું નહીં,
તારી સાથે કિટ્ટા...



ઊંચે ઊંચે આભલામાં ઊડી ઊડી જાઉં ... એક હતી

ચકીબેન રીસાણા, મનાવે ચકારાણા,
ફળ લાવે, ફૂલ લાવે,
લાવે મોતી દાણા,
ચકાનું મન જાણી, મલકે ચકીરાણી,
જીવન માંહી એમ એ તો
ગાએ મીઠાં ગાણાં .. એક હતી



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

## :: બાળગીત ::

# તમે ત્રણ વાત રાખજો યાદ

તમે ત્રણ વાત રાખજો યાદ,
જીવનમાં લાવવા મીઠો સ્વાદ... તમે ત્રણ...

૧ ૨ ૩



પ્રભુને સ્મરજો શ્વાસો શ્વાસ,
સૂતાં, ઉઠતાં, જમતાં ખાસ,
જીવનને ગણજો પ્રભુનો પ્રસાદ... તમે ત્રણ...

પ્રભાતે ઉઠતાંની સંગાથ,
નિરખવો નિજનો જમણો હાથ,
સુણજો ઋષી મુનીઓની સાદ... તમે ત્રણ...



કરના મૂળમાં શારદા માત,
આંગળિયે લક્ષ્મી છે સાક્ષાત,
હથેળીએ હરિ વસે હયાત... તમે ત્રણ...

ભોજન માનજો પ્રભુનો પ્રસાદ,
આવશે તેથી મીઠો સ્વાદ,
જમતાં કરજો કનૈયાને યાદ... તમે ત્રણ...





સૂતાં પહેલાં સ્મરજો શ્રી રામ,
ઈશને ખોળે ખરો આરામ,
તન મન ધરજો પ્રભુને યાદ... તમે ત્રણ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# દુ:ખ બીજાને દેવા જાતા

દુ:ખ બીજાને દેવા જાતા, પોતે દુ:ખી થાય છે.

ખાડો ખોદે તે પડે છે (૨)

એવો પ્રભુનો ન્યાય છે... દુ:ખ બીજાને...



અનસુયા માતાની પરીક્ષા કરવા, ત્રણેય દેવો જાય છે.


બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ (૨)

બાળકો બની જાય છે... દુ:ખ બીજાને...

સુરપંખા કપટ કરવા, લક્ષ્મણ પાછળ જાય છે.

પાપ પોતાના પ્રગટ થાતા (૨)

નાકને કાન વીંધાય છે... દુ:ખ બીજાને...



રામચંદ્રને દુ:ખી કરવા, રાવણ સીતાને લઈ જાય છે.

પ્યારા પ્રભુના એક જ બાણે (૨)

રાવણ રણમાં રોળાય છે... દુ:ખ બીજાને...

સંકલન : શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

## જેના મુખમાં



જેના મુખમાં રામનું નામ નથી,

તેને મનુષ્ય તણો અવતાર નથી,

જેને હરિ કીર્તનમાં પ્રેમ નથી,

તેને જીવવાનો અધિકાર નથી... જેના મુખમાં...

જેને સંત સેવામાં તાન નથી,

તેના આ જગમાહે માન નથી,

જેની સેવામાં શાલીગ્રામ નથી,

તેને વૈકુંઠમાં વિશ્રામ નથી... જેના મુખમાં...



જેના રુદિયામાં રાધેશ્યામ નથી,

તેને સંસારમાં સુખધામ નથી,

જેના મુખમાં સીતારામ નથી,

તેના અંતરમાં આરામ નથી... જેના મુખમાં...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

## તારી એક એક પળ

૧૦૦૦૦૦



તારી એક એક પળ જાય લાખની,
તું તો માળા રે જપી લે રાધેશ્યામની.

સાથે લાવ્યા શું લઈ જશો, આવ્યા તેવાં ખાલી જશો.
જીવન ધન્ય રે બનાવો ભક્તિ ભાવથી,
તું તો માળા રે જપી લે રાધેશ્યામની.

જૂઠાં જગના જૂઠાં ખેલ, મનવા તારું મારું મેલ,
તૂં તો છોડી દેને ચિંતા આખા ગામની,
તું તો માળા રે જપી લે રાધેશ્યામની.

ભક્તિ કાંડા કેરી ધાર, એ નહિ ઉંઘણસિંહનું કામ,
જેને લાગી રે લગન ભગવાનમાં,
એ તો સુખેથી ફરે છે આ સંસારમાં,
તું તો માળા રે જપી લે રાધેશ્યામની.

તનમાં લાગી તાલાવેલી, આંખે આસુંડાની રેલી,
નંદુ ચેતીને ચાલો આ સંસારમાં,
તું તો માળા રે જપી લે રાધેશ્યામની.

તારી એક એક પળ જાય લાખની,
તું તો માળા રે જપી લે રાધેશ્યામની.




WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

# હરિ તારા નામ છે હજાર

હરિ તારા નામ છે હજાર,
કયા નામે લખવી કંકોતરી,
રોજ રોજ બદલે મુકામ,
કયા નામે લખવી કંકોતરી.






મથુરામાં મોહન,
તું ગોકુળમાં ગોવાળિયો,
દ્વારકામાં રાજા દ્વારકાધીશ,
કયા નામે લખવી કંકોતરી.



કોઈ તને રામ કહે,
કોઈ તને શ્યામ કહે,
કોઈ કહે નંદનો કિશોર,
કયા નામે લખવી કંકોતરી.



નરસિંહ મહેતાનો તું સ્વામી શામળિયો,
મીરાનો ગિરધર ગોપાલ,
કયા નામે લખવી કંકોતરી.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# કર્મનો સંગાથી



કર્મનો સંગાથી રાણા મારું કોઈ નથી.

હે... કર્મનો સંગાથી...

હે લખ્યા એના જુદા જુદા લેખ (૨)... કર્મનો...

હે... એક રે પથ્થરના દો-દો ટુકડા,

હે લખ્યા એના જુદા જુદા લેખ (૨)

એકની બની રે પ્રભુજીની મૂર્તિ,

હે બીજો ધોબીડોને ઘાટ (૨)... કર્મનો...



હે... એક રે ગાયના દો-દો વાછરડાં,

હે લખ્યા એના જુદા જુદા લેખ (૨)

એક રે બન્યો રે શિવજીનો પોઠિયો,

હે બીજા ઘાંચીડાને ઘાટ (૨)... કર્મનો...

હે... એક રે માતાનાં દો-દો બેટડાં,

હે લખ્યા એના જુદા જુદા લેખ (૨)

એક ના તે શિર ઉપર છટા ધરે,


કે બીજો ભારા વહેંચી ખાય (૨)... કર્મનો...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# મહેલોના વાસી



હે મહેલોના વાસી ગરીબી શું જાણે,

દુઃખીયાના દુઃખને સુખિયા શું જાણે.



ચકોરીની પ્રિતને કાગ શું જાણે,

દુઃખીયાના દુઃખને સુખિયા શું જાણે,

સંગીતના સૂરને બહેરા શું જાણે,

ચંદાના તેજને અંધા શું જાણે... હે મહેલોના વાસી...



ભૂખ્યાની હાલતને જમેલા શું જાણે,

ડૂબતાની હાલતને તરેલો શું જાણે,

બહેનોની પ્રિતને ભાઈઓ શું જાણે,

વિધવાના આસુંને નવોઢા શું જાણે... હે મહેલોના વાસી...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

## :: ભજન ::

# પાયોજી મૈને



પાયોજી મૈને રામરતન ધન પાયો (૨)

વસ્તુ અમૌલિક દી મેરે સતગુરુ...

કિરપા કર અપનાયો... પાયોજી મૈને ...

જનમ જનમ કી પુંજી પાઈ (૨)

જગમેં સભી યે ખોવાયો... પાયોજી મૈને ...



ખચ્ચ ન ખૂટે ચોર ન લૂટે,

દિન દિન બઢત સવાયો ... પાયોજી મૈને ...

સત કી નાવ ખેવૈયા સતગુરુ,

ભવસાગર તર આવ્યો... પાયોજી મૈને ...

મીરા કહે પ્રભુ ગિરધરના ગુણ (૨)

હરખ હરખ જસ ગાયો... પાયોજી મૈને ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# હે મારા ઘટમાં

હે મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી યમુનાજી મહાપ્રભુજી (૨)
હે મારું મનડું છે ગોકુળ વનરાવન,
હે મારા પ્રાણજીવન... હે મારા ઘટમાં ...



હે મારા આતમનાં આંગણે શ્રી મહાપ્રભુજી (૨)
હે મારી આંખો દીસે ગિરધારી રે ધારી (૨)
મારું તન મન ગયું છે જેને વારી રે વારી,
હે મારા શ્યામ મુરારી... હે મારા ઘટમાં ...

હે મારા પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા (૨)
નિત્ય કરતા શ્રીનાથજીને કાલા રે વાલા,
મેં તો વલ્લભ પ્રભુજીના કીધા રે દર્શન,
મારું મોહી લીધુ મન... હે મારા ઘટમાં ...

હું તો નિત્ય વિઠ્ઠલવરની સેવા રે કરું (૨)
હું તો આઠે સમા કેરી ઝાંખી રે કરું,
મેં તો ચીતડું શ્રીનાથજીના ચરણે ધર્યું,
જીવન સફળ થયું... હે મારા ઘટમાં ...




શ્રી કેવડીયા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

## :: ભજન ::

# બાગમાં મલકે છે ફૂલ




બાગમાં મલકે છે ફૂલ, ફૂલડાં કોને ચડાવશું ?

શંકરને ચઢાવશું, પાર્વતીને ચડાવશું (૨)
શંકર ગયા છે કૈલાશ ફૂલડાં કોને ચઢાવશું ?
બાગમાં મલકે...



રામને ચઢાવશું, લક્ષ્મણને ચઢાવશું (૨)
રામ ગયા છે વનવાસ, ફૂલડાં કોને ચઢાવશું ?
બાગમાં મલકે...



સૂર્યને ચઢાવશું, ચંદ્રને ચઢાવશું (૨)
સૂર્ય ગયા છે આકાશ, ફૂલડાં કોને ચઢાવશું ?
બાગમાં મલકે...



હનુમાનને ચઢાવશું, ગણેશને ચઢાવશું (૨)
હનુમાન ગયા છે લંકા, ફૂલડાં કોને ચઢાવશું ?
બાગમાં મલકે...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# મેરે સચ્ચે દિલસે



મેરે સચ્ચે દિલસે લગન લગી,

ભગવાન મિલેંગે કભી ન કભી (૨)

ફૂલો મે મિલે, કાંટો મેં મિલે,


કલિયો મે મિલેંગે કભી ન કભી,




મંદિર મેં મિલે, મસ્જિદ મેં મિલે,

ગુરુદ્વાર મેં મિલેંગે કભી ન કભી,

મેરે સચ્ચે દિલસે ...





ગંગા મેં મિલે, યમુના મેં મિલે,

સાગર મેં મિલેંગે કભી ન કભી,

ચંદા મેં મિલે, સૂરજ મેં મિલે,

તારો મેં મિલેંગે કભી ન કભી,

મેરે સચ્ચે દિલસે ...



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

## ગુરુજીના નામની



ગુરુજીના નામની હો માળા છે ડોકમાં,
નારાયણ નામની હો માળા છે ડોકમાં.

જૂઠું બોલાય નહીં, ખોટું લેવાય નહીં (૨)
અવળું ચલાય નહીં હો માળા છે ડોકમાં... ગુરુજીના નામની ...

ક્રોધ કદી થાય નહીં, પરને નિંદાય નહીં (૨)
કોઈને દુભાય નહીં હો માળા છે ડોકમાં... ગુરુજીના નામની ...

પરને પીડાય નહીં, હું પદ ધરાય નહીં (૨)
પાપને પોષાય નહીં હો માળા છે ડોકમાં... ગુરુજીના નામની ...

સુખમાં છલકાય નહીં, દુઃખમાં રડાય નહીં (૨)
ભક્તિ ભુલાય નહીં હો માળા છે ડોકમાં... ગુરુજીના નામની ...






WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

## :: ભજન ::

# ક્યાં વસે



ક્યાં વસે તુલસીને ક્યાં વસે રામ,
ક્યાં વસે મારા શ્રી ભગવાન,
આંગણ વસે તુલસીને વનમાં વસે રામ,
મંદિરમાં વસે મારા શ્રી ભગવાન.

શું પહેરે તુલસીને શું પહેરે રામ,
શું પહેરે મારા શ્રી ભગવાન,
ચુંદડી પહેરે તુલસીને માળા પહેરે રામ,
ધોતિયું પહેરે મારા શ્રી ભગવાન.

શું જમે તુલસીને શું જમે રામ,
શું જમે મારા શ્રી ભગવાન,
દૂધ જમે તુલસીને દહીં જમે રામ,
માખણ જમે મારા શ્રી ભગવાન.


ક્યાં વસે તુલસીને ક્યાં વસે રામ,
ક્યાં વસે મારા શ્રી ભગવાન.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# કભી રામ બનકે



કભી રામ બનકે કભી શ્યામ બનકે,

ચલે આના પ્રભુજી ચલે આના.

તુમ રામ રૂપ મેં આના (૨)

સીતા સાથ લેકે, ધનુષ હાથ લેકે,

ચલે આના પ્રભુજી ચલે આના... કભી રામ ...



તુમ કૃષ્ણ રૂપ મેં આના (૨)

રાધા સાથ લેકે, બંસરી હાથ લેકે,

ચલે આના પ્રભુજી ચલે આના... કભી રામ ...



તુમ શિવ રૂપ મેં આના (૨)

ઉમા સાથ લેકે, ત્રિશુલ હાથ લેકે,

ચલે આના પ્રભુજી ચલે આના... કભી રામ ...



તુમ વિષ્ણુ રૂપ મેં આના (૨)

લક્ષ્મી સાથ લેકે, ચક્ર હાથ લેકે,

ચલે આના પ્રભુજી ચલે આના... કભી રામ ...

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::




## રાધેકૃષ્ણ બોલો

રાધેકૃષ્ણ બોલો વખત વીતી જાય છે (૨)

આજ બોલશું કાલ બોલશું કાલ કેદી થાય છે ?


રાધેકૃષ્ણ ...

પાણી અંદર માછલીને પાણીનો આધાર છે (૨)



પાણી સુકાઈ જાતાં માછલીના પ્રાણ જાય છે.

રાધેકૃષ્ણ ...




રામ–લક્ષ્મણ ભાઈ છે ને સીતાનો આધાર છે (૨)

રામ વનમાં જાતાં દશરથના પ્રાણ જાય છે.

રાધેકૃષ્ણ ...

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર




કમળ ઉપર ભ્રમર બેઠો કમળનો આધાર છે (૨)

કમળ બીડાય જાતાં ભ્રમરના પ્રાણ જાય છે.

રાધેકૃષ્ણ ...

# :: ધુન ::

# બજરંગ બલી કી જય



બજરંગ બલી કી જય (૨)


જો હે રામ કા દૂત નિરંતર,

જીસ કી સેવા મંત્ર નિરંતર,

બ્રહમચર્ય જીવન હૈ ઉસકા,

નમન હમારા હૈ (૨)

બજરંગ બલી કી જય



જીસને લંકા નગરી જલાઈ,

જીસને રાવણ કો ભડકાયા,

ઉસ હનુમાન હમારે વીર કો,

ઉસ બજરંગ હમારે વીર કો,

નમન હમારા હૈ (૨)

બજરંગ બલી કી જય

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

## હર હર શંભુ



હર હર શંભુ ભોળા તમારી ધૂન લાગી (૨)

તારી ધૂન લાગી ભોળા તારી ધૂન લાગી.

પાર્વતીના પ્યારા તમારી ધૂન લાગી,

કંઠે સર્પમાળા તમારી ધૂન લાગી,

તારી ધૂન... હર હર...



ગળે રુદ્રમાળા તમારી ધૂન લાગી,

હાથમાં ત્રિશુલવાળા તમારી ધૂન લાગી,

તારી ધૂન... હર હર...

ડાક ડમરુંવાળા તમારી ધૂન લાગી,

ગંગાજીનાં પ્યારા તમારી ધૂન લાગી,

તારી ધૂન... હર હર...

શ્રી ગેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

# કાન ચડયા

કાન ચડયા કદમની ડાળ હેઠા ઉતરોને,

ઘેર જુએ જશોદા વાટ, હેઠા ઉતરોને.

કાન ચડયા...



આ કાયા માટીનો ઘડૂલો છે (૨)

એને તૂટતાં નહીં લાગે વાર, હેઠા ઉતરોને.

કાન ચડયા...



આ કાયા કાગળની હોડી છે (૨)

એને ડૂબતાં નહીં લાગે વાર, હેઠા ઉતરોને.

કાન ચડયા...



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

## મધુર નામ



મધુર મધુર નામ હરિ હરિ ઓમ,
પાવન પાવન નામ હરિ હરિ ઓમ.

ભક્તો કા પિયારા નામ હરિ હરિ ઓમ,
સંતો કા સહારા નામ હરિ હરિ ઓમ,
પાવન પાવન નામ હરિ હરિ ઓમ,
હરિ ઓમ હરિ ઓમ...



કલિકા કિનારા નામ હરિ હરિ ઓમ,
મંગલ મંગલ નામ હરિ હરિ ઓમ,
પાવન પાવન નામ હરિ હરિ ઓમ,
હરિ ઓમ હરિ ઓમ...

મધુર મધુર નામ હરિ હરિ ઓમ,
પાવન પાવન નામ હરિ હરિ ઓમ.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# છોટી છોટી ગૈયા



છોટી છોટી ગૈયા છોટે છોટે ગ્વાલ

છોટો સો મેરો મદન ગોપાલ (૨) ... છોટી છોટી...

આગે આગે ગૈયા પીછે પીછે ગ્વાલ

બીચ મેં મેરો મદન ગોપાલ (૨) ... છોટી છોટી...

કાલી કાલી ગૈયા ગોરે ગોરે ગ્વાલ

શ્યામ વરણ મેરો મદન ગોપાલ (૨) ... છોટી છોટી...



ઘાસ ખાયે ગૈયા દૂધ પીવે ગ્વાલ,

માખણ ખાયે મેરો મદન ગોપાલ (૨) ... છોટી છોટી...

છોટી છોટી સખિયા મધુબન બાગ,

રાસ રચાવે મેરો મદન ગોપાલ (૨) ... છોટી છોટી...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

## :: ભજન ::

# મધુરી મોરલી

કનૈયા લે, કનૈયા લે, મધુરી મોરલી તારી,

મધુરી મોરલી તારી મધુરી બંસરી તારી.



હસેલાને રડાવે છે,

રડેલાને હસાવે છે.

ભુલેલાને સ્મરણ તારું,

સુપંથે દોરનારું છે.

કનૈયા લે, કનૈયા લે, મધુરી મોરલી તારી,

મધુરી મોરલી તારી મધુરી બંસરી તારી.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

# નમઃ શિવાય



નમઃ શિવાય નમઃ શિવાય (૨)

હર હર ભોલે નમઃ શિવાય

રામેશ્વરાય શિવ રામેશ્વરાય (૨)

હર હર ભોલે નમઃ શિવાય

ગંગાધરાય શિવ ગંગાધરાય (૨)

હર હર ભોલે નમઃ શિવાય



જટાધરાય શિવ જટાધરાય (૨)

હર હર ભોલે નમઃ શિવાય

નમઃ શિવાય નમઃ શિવાય (૨)

હર હર ભોલે નમઃ શિવાય



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

# રઘુપતિ રાઘવ



રઘુપતિ રાઘવ રાજા રામ

પતિ તપાવન સીતારામ (૨)

સીતારામ સીતારામ ભજ પ્યારે તું સીતારામ,

ઈશ્વર અલ્લાહ તેરો નામ,

સબકો સન્મતિ દે ભગવાન... રઘુપતિ રાઘવ...



રાત્રે નિંદ્રા દિવસે કામ, ક્યારે ભજશું સીતારામ,

કરતા જઈને ઘરના કામ,

લેતા જઈએ હરિનું નામ... રઘુપતિ રાઘવ...

શ્રી ગેળાશા પ્રાથમિક શાળા, તાલુકો : કોટડા, જિલ્લો : ભાવનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# ભજ લે ભજ લે



ભજ લે ભજ લે ભજ લે પ્રભુ નામ,

ઓ માયાના માનવી ભજલે પ્રભુ નામ.

ફૂલવાડીનો માળી આવી, ફૂલડાં વીણી જાય છે,

કોણ જાણે ક્યારે આવે ક્યારે વીણી જાય,

ઓ માયાના માનવી ભજ લજે પ્રભુ નામ,

ભજ લે ભજ લે...




જળ ભરેલી વાદળી આકાશે ઝોલા ખાય છે,

કોણ જાણે ક્યારે આવી ક્યારે વરસી જાય,

ઓ માયાના માનવી ભજ લે પ્રભુનામ,

ભજ લે ભજ લે...



મંદિરમાં પૂજારી આવે પૂજા કરી જાય છે,

કોણ જાણે ક્યારે આવી ક્યારે કરી જાય,

ઓ માયાના માનવી ભજ લે પ્રભુનામ,

ભજ લે ભજ લે ભજ લે...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# મારે રોજ નિશાળે




મારે રોજ નિશાળે જાવું છે,
ઘરમાં રહેવું ગમતું નથી.

મારે એકડો-બગડો લખવો છે,
અભણ રહેવું ગમતું નથી.

Kalpesh Chotalia



મને સહી કરવી ગમે છે,
અંગૂઠો લગાવવો ગમતો નથી.

મને નોકરી કરવી ગમે છે,
તગારા ઉંચકવા ગમતા નથી.

મને ઘડિયાર પહેરવી ગમે છે,
સમય પૂછવો ગમતો નથી.

મને પેપર વાંચવું ગમે છે,
ખબર પૂછવી ગમતી નથી.

મારે રોજ નિશાળે જાવું છે,
ઘરમાં રહેવું ગમતું નથી.




શ્રી ગેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રાટડા, જિલ્લો : ભાવનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## પહેલે રમકડે



પહેલે રમકડે હો ડાહ્યા ત્રણ વાંદરા,

બેઠા છે હારબંધ હો ડાહ્યા ત્રણ વાંદરા.

એકે કર્યુ છે બંધ મોઢું બે હાથથી (૨)

ખોટું બોલાય નહિં હો ડાહ્યા ત્રણ વાંદરા.

બીજે કરી છે બંધ આંખો બે હાથથી (૨)

ખોટું જોવાય નહિં હો ડાહ્યા ત્રણ વાંદરા.

ત્રીજે કર્યા છે બંધ કાનો બે હાથથી (૨)

ખોટું સંભળાય નહિં હો ડાહ્યા ત્રણ વાંદરા.



પહેલે રમકડે હો ડાહ્યા ત્રણ વાંદરા.


બેઠા છે હારબંધ હો ડાહ્યા ત્રણ વાંદરા

શ્રી ગેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# સાયકલ મારી



સાયકલ મારી સર...ર...ર જાય,
ટ્રીન ટ્રીન ટોકરી બજાવતી જાય.



શેઠભાઈ શેઠભાઈ આઘા ખસો,
આઘા ખસો નહીં તો પડી જશો,
શેઠભાઈ શેઠભાઈ ચાલ્યા તે ક્યાં ?
ચોપડા લઈને ચાલ્યાં તે ક્યાં ?
સાયકલ મારી ...



ડોશીમાં ડોશીમાં આઘા ખસો,
આઘા ખસો નહીં તો પડી જશો,
ડોશીમાં ડોશીમાં ચાલ્યા તે ક્યાં ?
છીંકણી સુંઘતા ચાલ્યા તે ક્યાં ?
સાયકલ મારી ...



શેઠાણી શેઠાણી આઘા ખસો,
આઘા ખસો નહીં તો પડી જશો,
શેઠાણી શેઠાણી ચાલ્યા તે ક્યાં ?
છત્રી લઈને ચાલ્યા તે ક્યાં ?
સાયકલ મારી ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## હું સરકસનો જોકર



હું સરકસનો જોકર જોની મારું નામ,

રડતાને હસાવું હું એજ મારું કામ.

ઉલટો બેસી ઘોડો ચલાવું,

ગુલાટ મારી નીચે આવું.

હું સરકસનો...



સાયકલ મારી સરરર ચાલે,

વાઘને હાથી જોઈને મ્હાલે,

હું સરકસનો...

ઈંગ્લીસ બોલી ડાન્સ કરું છું,

હેલો બોલીને નમસ્તે કરું છું,

હું સરકસનો જોકર જોની મારું નામ (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

:: બાળગીત ::

# નાના અમથા



નાના અમથા વાંદરા ભાઈને,
સિનેમાનો શોખ, સિનેમાનો શોખ (૨)

ઝભ્ભો પહેર્યો ધોતી પહેરી... (૨)
ટોપી પહેરી આમ (૨)
નાના અમથા...

લાકડી લીધી, ચશ્માં પહેર્યા (૨)
સ્કુટર ચાલ્યું આમ (૨)
નાના અમથા...

ફર્સ્ટ કલાસની ટિકિટ કપાવી (૨)
જોવા બેઠાં આમ (૨)
નાના અમથા...




સિનેમામાં થયો ધડાકો (૨)
વાંદરા ભાઈ તો ગભરાય ગયાં,
આમ નાસી જાય તેમ નાસી જાય (૨)
નાના અમથા...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# અમે નાનકડા દેવ



અમે નાનકડા દેવ બાલ મંદિરના,
થાય પૂજા અમારી બાલ મંદિરમાં.

કૃષ્ણ નાના હતા,
દૂધ પીતા હતા,
દહીં ખાતા હતા,
બહેન, માખણ ખવડાવે બાલમંદિરમાં... અમે...

કૃષ્ણ નાના હતા,
સૌને ગમતાં હતા,
ખૂબ રમતા હતા,
બહેન, રમતો રમાડે બાલમંદિરમાં... અમે...



કૃષ્ણ નાના હતા,
ખૂબ નીડર હતા,
નાગ દમતા હતા,
બહેન, નિર્ભય બનાવે બાલમંદિરમાં... અમે...

કૃષ્ણ નાના હતાં,
ખૂબ ભણતા હતાં,
ગુરુ પ્રેમાળ હતાં,
બહેન, ભણતર ભણાવે બાલમંદિરમાં... અમે...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## આ વાત કદી ન ભુલાય



આ વાત કદી ન ભુલાય (૨) હા...હા...હો...હો...

આ વાત કદી ન ભુલાય.



નિશાળે જઈને લેશન કરાય,

ઘરમાં બાને મદદ કરાય,

મેદાને જઈ રમત રમાય... આ વાત...



ઘસ ઘસ કરતા પગ ના ઘસાઈ,

ઘૂટ ઘૂટ કરતાં પાણી ના પીવાય,

પચ પચ કરતા ખાણું ના ખવાય... આ વાત...



શિયાળામાં ઠંડી વાય,

ઉનાળામાં ગરમી થાય,

ચોમાસામાં ભીંજાય જવાય... આ વાત...



આપણાથી મોટાની સેવા કરાય,

આપણાથી નાનાને લાડ કરાય,

આપણા જેવા સરખાની દોસ્તી કરાય... આ વાત...

શ્રી ગેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# નાનું ચક્કર મોટું ચક્કર

નાનું ચક્કર મોટું ચક્કર,
ચક્કર ઉપર દોરી... ચાંદાપોળી...

ભાઈ ભણે છે ને બહેના રળે છે,
બેનને મનાવા ભાઈ ભાગ લાવે છે,
ચોકલેટ લાવે, બરફી લાવે,
લાવે સૂતરફેણી... ચાંદાપોળી...

ભાઈ ભણે છે ને બહેના રડે છે,
બેનને મનાવા ભાઈ કપડાં લાવે છે,
મીડી લાવે, ફ્રોક લાવે,
લાવે ચણીયાચોલી... ચાંદાપોળી...

ભાઈ ભણે છે ને બહેના રડે છે,
બેનને મનાવા ભાઈ રમતો રમે છે,
કબડી રમે, ખો-ખો રમે,
રમે ટીંગાટોળી... ચાંદાપોળી...


નાનું ચક્કર મોટું ચક્કર,
ચક્કર ઉપર દોરી... ચાંદાપોળી...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# ઓલ્યા નાચંતા મોરલાને



ઓલ્યા નાચંતા મોરલાને કહી દો (૨)

અમે નાચવાને તારી સંગ આવશું


હો...અમે નાચવાને તારી સંગ આવશું ...ઓલ્યા



ઓલ્યા બાગ તણાં ફૂલડાંને કહી દો (૨)

અમે હસવાને તારી સંગ આવશું

હો...અમે નાચવાને તારી સંગ આવશું ...ઓલ્યા



ઓલ્યા આભના ચાંદલિયાને કહી દો (૨)

અમે ગગને વિહરવાને આવશું

હો...અમે નાચવાને તારી સંગ આવશું ...ઓલ્યા

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# આજ તો મારા મોટી બેન



આજ તો મારા મોટી બેન,
ફુગ્ગા લાવ્યા ચાર (૨)

એકતો મારી જલ્પાબેનનો,
બીજો મારા કલ્પેશભાઈનો,
ત્રીજો મારી કેતકીબેનનો,
ચોથો મારા રાજાભાઈનો,
વહેંચી આપ્યા ચાર (૨)

ફુગ્ગો મેં તો ગોળ ફુલાવ્યો,
હવા ભરી મોટો કર્યો,
ફુગ્ગો ફુટયો ફટ્ટ (૨)

જલ્પાબેન તો હસવા લાગ્યા,
કલ્પેશભાઈ તો નાચવા લાગ્યા,
કેતકીબેન તો કુદવા લાગ્યા,
રાજાભાઈ તો રડવા લાગ્યા,
ફુગ્ગો ફુટયો ફટ્ટ (૨)

આજ તો મારા મોટી બેન,
ફુગ્ગા લાવ્યા ચાર (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## ધીમે ધીમે...

ધીમે ધીમે, ધીમે ધીમે, નીચે તું આવ,
ઓ ચાંદલા નીચે તું આવ.
તારી તે હોડલી તું લાવ,
ઓ ચાંદલા નીચે તું આવ.



રોજ રોજ રાત પડે જોતી તુજ વાટડી,
આભલાની સામે જોઈ થાકી મુજ આંખડી,
પરીઓની વાત કંઈ સુણાવ... ઓ ચાંદલા

તારી સાથે ખેલવાને મુજને કંઈક કોડ છે,
આવીને દેખ જરા કેવી અમ જોડ છે,
નાનેરી બહેનને રીઝાવ... ઓ ચાંદલા

આભલાના બાગમાંથી થોડા તું તારલા,
લાવજે હો ગુંથવાને વેણીમાં વીરલા,
મારું આ આંગણું શોભાવ... ઓ ચાંદલા

શ્રી ગેલાણા પ્રાથમિક શાળા, તાલુકો : કોટડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## ધીન્તા તીકા



ધીન્તા તીકા ધીન્તા તીકા ધીન્તા તીકા રે,

ઓ માછલી બને (૨) તું શીખવી જા મને તરવાનું,

ધીન્તા તીકા...

ઓ પતંગિયા (૨) તું શીખવી જા મને ઉડવાનું,



ધીન્તા તીકા...

ઓ ફૂલડાઓ (૨) તું શીખવી જા મને હસવાનું,

ધીન્તા તીકા...




ઓ મોરલીયા (૨) તું શીખવી જા મને નાચવાનું,

ધીન્તા તીકા...

ઓ કોયલબેન (૨) તું શીખવી જા મને ગાવાનું,

ધીન્તા તીકા...



# :: બાળગીત ::

## વાહ રે વાહ



વાહ રે વાહ વાહ રે વાહ

દિલ્લીના રાજાની વાહ રે વાહ

દિલ્લીના રાજાની રાણીની વાહ રે વાહ

વાહ રે વાહ (૨)

દિલ્લીના રાજાની રાણીની કુંવરીની વાહ રે વાહ

દિલ્લીના રાજાની રાણીની કુંવરીની દાસીની વાહ રે વાહ


વાહ રે વાહ (૨)

દિલ્લીના રાજાની રાણીની કુંવરીની દાસીની બિલ્લીની વાહ રે વાહ

દિલ્લીના રાજાની રાણીની કુંવરીની દાસીની બિલ્લીના પૂંછડાની વાહ રે વાહ

દિલ્લીના રાજાની રાણીની કુંવરીની દાસીની બિલ્લીના પૂંછડાની ટપકાંની વાહ રે વાહ

વાહ રે વાહ (૨)



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર


# :: અભિનય ગીત ::

## ઓ મમ્મી




ઓ મમ્મી મને રે મામાને ઘેર જાવા દે (૨)

રસ્તા પર પેલું કેવું એ જાય,



ટ્રીન ટ્રીન કરતું...


સાયકલ પર બેસીને મામાને ઘેર જાવા દે... ઓ મમ્મી...



પાટા પર પેલું કેવું એ જાય,

છુક છુક કરતું...

ગાડીમાં બેસીને મામાને ઘેર જાવા દે... ઓ મમ્મી...



આકાશમાં પેલું કેવું એ જાય,

ગરરર કરતું...

વિમાનમાં બેસીને મામાને ઘેર જાવા દે...

ઓ મમ્મી મને રે મામાને ઘેર જાવા દે (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# કિલકિલાટ કરતા


કિલકિલાટ કરતા કલબલાટ કરતા (૨)

નાનેરા બાળ અમે સૌને રે ગમતા (૨)



મુખડું મલકાવતા સૌને હસાવતા,

નાનેરા બાળ અમે સૌને ગમતા (૨)



ગોળ ગોળ ફરતા સાતતાળી રમતા,


નાનેરા બાળ અમે સૌને ગમતા (૨)

નિશાળે જાતા ગીત નવા ગાતા,

નાનેરા બાળ અમે સૌને ગમતા (૨)

કિલકિલાટ કરતા કલબલાટ કરતા (૨)

નાનેરા બાળ અમે સૌને રે ગમતા (૨)




શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# અમદાવાદથી ગાડી આવી





અમદાવાદથી ગાડી આવી

તેમાં મારી મમ્મી આવી

મમ્મી-મમ્મી શું-શું લાવ્યા ?

સ્લેટ લાવ્યા પેન લાવ્યા

પેન્સિલના તો ટુકડા લાવ્યા



બા બા ભણવા જાઉં છે

ભણી-ગણીને પાસ થાઉં

બોમ્બે જઈને પૈસા કમાઉં



પૈસાની તો સાડી લાવું

સાડી મારી મમ્મીને પહેરાવું

અમદાવાદથી ગાડી આવી

તેમાં મારી મમ્મી આવી

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# મૈં પરીઓ કી રાની



મૈં પરીઓ કી રાની, મૈં ના કરુંગી શાદી (૨)

એક દિન આયા કાલા રાજા,
લગતા થા વો ભૈંસ જૈસા,
નહિં કરુંગી શાદી (૨)... મૈં પરીઓ...

એક દિન આયા ઊંચા રાજા,
લગતા થા વો ઊંટ જૈસા,
નહિં કરુંગી શાદી (૨)... મૈં પરીઓ...



એક દિન આયા ઠીંગુ રાજા,
લગતા થા વો ગધ્ધે જૈસા,
નહિં કરુંગી શાદી (૨)... મૈં પરીઓ...

એક દિન આયા ગોરા રાજા,
લગતા થા વો રાજકુમાર,
ઉસસે કરુંગી શાદી (૨)... મૈં પરીઓ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## નાની ઢીંગલી

નાની ઢીંગલી સોહાય લટકા-મટકા કરતી જાય (૨)



આંખે કાજલ લગાવી, હોઠે લિપસ્ટીક લગાવી,
ગાલે પાઉડર લગાવી લટકા-મટકા કરતી જાય,
નાની ઢીંગલી...



પગે ઝાંઝર પહેરીને, હાથમાં કંગન પહેરીને,
ગળે હાર લટકાવી લટકા-મટકા કરતી જાય,
નાની ઢીંગલી...

કેડે કંદોરો પહેરીને, કાનમાં કુંડલ પહેરીને,
માથે ઓઢણી ઓઢીને લટકા-મટકા કરતી જાય,
નાની ઢીંગલી...

નવા કપડાં પહેરીને, પગમાં સેન્ડલ પહેરીને,
ખંભે પર્સ લગાવી ટાટા-બાય બાય કરતી જાય,
નાની ઢીંગલી સોહાય લટકા-મટકા કરતી જાય (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# યે બૈંગન બડે મજેદાર


યે બૈંગન બડે મજેદાર (૨)



જબ મેં ઈસ બૈંગન કો ધોને બેઠી (૨)
નીચે ગીરે દો–ચાર (૨)... યે બૈંગન...

જબ મેં ઈસ બૈંગન કો કાટને બેઠી (૨)
ઉંગલી કટી દો–ચાર (૨)... યે બૈંગન...

જબ મેં ઈસ બૈંગન કો દાને બેઠી (૨)
મખ્ખી ગીરી દો–ચાર (૨)... યે બૈંગન...



જબ મેં ઈસ બૈંગન કો ફેંકને બેઠી (૨)
ચાટે પડે દો–ચાર (૨)

યે બૈંગન બડે મજેદાર (૨)

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# એક મારી ઢીંગલીને



એક મારી ઢીંગલીને એવી સજાવું

બે એના કાનમાં બુટ્ટી પહેરાવું

ત્રણ એની નથણીમાં હિરા જડાવું



ચાર એના હાથમાં બંગડી પહેરાવું

પાંચ એની આંગળીમાં વીંટી પહેરાવું

છ એની વેણીમાં ફૂલો ગુંથાવું

સાત એની ચુંદડીમાં રંગો પુરાવું



આઠ એની ઘાઘરીમાં મોર ચિતરાવું

નવ એની ઝાંઝરીમાં ઘૂંઘરી ટંકાવું


એક મારી ઢીંગલીને એવી સજાવું

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## હું એક નાનું પંખી



હું એક નાનું પંખી હોત તો કેવું સારું થાત (૨)

ઊંચે ઊંચે આભમાં ઉડી ગીત મધુરા ગાત (૨)




હું એક નાની કોયલ હોત તો કેવું સારુ થાત,

આંબા ડાળે બેસી બેસી ગીત મધુરા ગાત.



હું એક નાનો મોરલો હોત તો કેવું સારું થાત,

કાળા કાળા વાદળ જોઈને ટેહુક ટેહુક થાત.



હું એક નાની માછલી હોત તો કેવું સારું થાત,

ઊંડે ઊંડે પાણીમાં જઈને મોતીડા વીણવા જાત.

હું એક નાનું પંખી હોત તો કેવું સારું થાત (૨)

ઊંચે ઊંચે આભમાં ઉડી ગીત મધુરા ગાત (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## વર્ષા રે વર્ષા

વર્ષા રે વર્ષા વર્ષા (૨) ગોરેસા, ગોરેસા,

એક સુંડલાવાળી આવી રે, કોઈ ફરફરિયા લો (૨)

એને કાનમાં પહેરી બટ્ટી, બુટ્ટીનો શણગાર

કોઈ ફરફરિયા લો (૨)... વર્ષા રે વર્ષા...

એને નાકમાં પહેરી નથણી, નથણીનો શણગાર

કોઈ ફરફરિયા લો (૨)... વર્ષા રે વર્ષા...

એને હાથમાં પહેરી બંગડી, બંગડીનો શણગાર

કોઈ ફરફરિયા લો (૨)... વર્ષા રે વર્ષા...

એને પગમાં પહેર્યા ઝાંઝર, ઝાંઝરનો શણગાર

કોઈ ફરફરિયા લો (૨)... વર્ષા રે વર્ષા...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## બગીચામાં ફરવાને ગ્યાતાં




બગીચામાં ફરવાને ગ્યાતાં કે ઢીંગલીબેન લપસી પડયા (૨)

મેં તો મારી ઢીંગલી માટે શીરો બનાવ્યો (૨)

શીરો ખાઈને થાય જાડા કે ઢીંગલીબેન લપસી પડયા,

બગીચામાં...



મેં તો મારી ઢીંગલી માટે આઈસ્ક્રીમ મંગાવી (૨)

આઈસ્ક્રીમ ખાઈને થયા ઠંડા કે ઢીંગલીબેન લપસી પડયા,

બગીચામાં...

મેં તો મારી ઢીંગલી માટે ડોક્ટર બોલાવ્યા (૨)

ઈન્જેક્શન ખાઈને થયા સાજા કે ઢીંગલીબેન લપસી પડયા,

બગીચામાં...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## ત્રયબંક કી તાલ



ત્રયબંક કી તાલ બજે (૨)
ખોલ રાધા કમાડ રે ખોલ રાધા કમાડ.

હું કાનુડો ધનુષધારી (૨)
ખોલ રાધા કમાડ રે ખોલ રાધા કમાડ,
ધનુષ તો રામને શોભે (૨)
નહિં ખોલું કમાડ રે નહિં ખોલું કમાડ રે,
ત્રયબંક કી તાલ...



હું કાનુડો ત્રિશુલધારી (૨)
ખોલ રાધા કમાડ રે ખોલ રાધા કમાડ રે,
ત્રિશુલ તો શંકરને શોભે (૨)
નહિં ખોલું કમાડ રે નહિં ખોલું કમાડ રે,
ત્રયબંક કી તાલ...



હું કાનુડો બંસીધારી (૨)
ખોલ રાધા કમાડ રે ખોલ રાધા કમાડ,
બંસી તો ક્રિષ્નને શોભે (૨)
આ ખોલ્યા કમાડ રે આ ખોલ્યા કમાડ રે,
ત્રયબંક કી તાલ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## માછીની છોરી




એક માછીની છોરી આવતીતી
રોજ દરિયાની વાતો લાવતીતી

એને કાનમાં બુટ્ટી શોભતીતી
રોજ દરિયાની વાતો લાવતીતી



એને નાકમાં નથણી શોભતીતી
રોજ દરિયાની વાતો લાવતીતી

એને હાથમાં બંગડી શોભતીતી
રોજ દરિયાની વાતો લાવતીતી



એને પગમાં ઝાંઝર શોભતાતા
રોજ દરિયાની વાતો લાવતીતી

એક માછીની છોરી આવતીતી
રોજ દરિયાની વાતો લાવતીતી

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

## ગમે તે સ્વરૂપે



ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો,
પ્રભુ મારા વંદન... (૨)

ભલેના નિહાળું નજરથી તમોને,
મળે ગુણ તમારા સફળ મારું જીવન,
જનમ છે અસંખ્ય મળ્યાને ગુમાવ્યા,
પ્રભુ મારા વંદન...(૨)

હવે આ જનમમાં કરું છું વિનંતી,
સ્વીકારી તમે તો તૂટે મારા બંધન,
ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો,
પ્રભુ મારા વંદન...(૨)



મળે હોંશે એવી ઉજાળુ જગતને,
કિરણના મળે મારા દિપકને,
તમે તેજ આપો જલે એવી જ્યોતિ,
અમરપથના સૌને કરાવે છે દર્શન,
ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો,
પ્રભુ મારા વંદન...(૨)




શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: શ્રી રામચંદ્ર સ્તુતિ ::

# શ્રી રામચંદ્ર કૃપાલુ



શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન
હરણ ભવભય દારૂણમ્
નવ કંજ લોચન કંજ મુખ કર
કંજ પદ કંજારૂણમ્
કંદર્પ અગણિત અમિત છબિ
નવ નીલ નીરજ સુંદરમ્
પટપીત માનહું તડિત રૂચિ
સુચિ નૌમી જનક સુતાવરમ્
ભજ દીન બંધુ દીનેશ
દાનવ દૈત્યવંશ નિકંદનમ્
રઘુનંદ આનંદ કંદ કૌશલ–
ચંદ દશરથ નંદનમ્
શિર મુકુટ કુંડલ તિલક
ચારુ ઉદાર અંગ વિભૂષણમ્
આજાન ભૂજ શર ચાપ શાર
સંગ્રામ જિત ખર દૂષણમ્
ઇતિ વદતિ તુલસીદાસ
શંકર શેષ મુનિ મન રંજનમ્
મમ હૃદય કંજ નિવાસ કુરું
કામાદિ ખલદલ ગંજનમ્



શ્રી ગેલાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: પ્રેરણા ગીત ::

## કોડિયું નાનું ભલેને હું




કોડિયું નાનું ભલેને હું
રહેતું સદાયે ઝગમગતું... કોડિયું ...

સૂરજ પાસેથી તેજ સૌને મળે છે
પથદર્શક બનનારે બળવુ પડે છે
સાક્ષાત સંદેશો સૂરજનો છું... કોડિયું ...



જગ આંખુ બગડયું છે કોણ રે સુધારે
સૌને છે કામ ખુબ એવું વિચારે
તિમિર દૂર કરુ હું નિરાશાનું... કોડિયું ...

સામટું આવે ભલે જગનું અંધારું
તોયે હૈયામાં હું હિંમત ના હારું
સંતાન આખરે તો સૂર્ય તણું હું... કોડિયું ...




મારાથી થાય શું એ કદીના વિચારું
શકિત મારી બધીય કામે લગાડું
સ્પર્શના લાધવાનું અંધારું... કોડિયું ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

# એના કરી લે તુ દર્શન રે



એના કરી લે તુ દર્શન રે

અંતર જેના છે ઉજળા

અંતર ઉજળા વાણી ઉજળી

વિચાર ઉજળા વર્તન ઉજળા

એના ચરણોમાં તન મન ધન રે



અંતર જેના છે ઉજળા

એના કરીલે તુ દર્શન રે

અંતર જેના છે ઉજળા

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::


## શુભ મંગલ હો



શુભ મંગલ હો શુભ મંગલ હો

શુભ મંગલ મંગલ મંગલ હો

શુભ મંગલ હો ધરતી મંગલ હો



ગતિ મંગલ હો મતિ મંગલ હો

જીવન કી હર ક્ષણ મંગલ હો



શુભ મંગલ હો શુભ મંગલ હો

શુભ મંગલ મંગલ મંગલ હો

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

## હે રામ હે રામ

હે રામ હે રામ ... (૨)

જગમે સાચો તેરો નામ.

તુ હી માતા તુ હી પિતા હૈ,

તુ હી તો હૈ રાધા કા શ્યામ ...(૨)

તુ અંતરયામિ સબકા સ્વામી ...(૨)


તેરે ચરણોમે ચારો ધામ... હે રામ...

તુ હી બિગાડે તુ હી સવારે ... (૨)

ઈસ જગમે સારે કામ ...(૨)

તુ હી જગદાતા વિશ્વ વિધાતા ...(૨)

તુ હી સુબહ તુ હી શામ... હે રામ...




શ્રી ગેલાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાટડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# એક ઝરણું દોડયું



એક ઝરણું દોડયું જાતું'તુ,
એ તો અદ્ધરથી પછડાતું'તુ,
પછડાતુંતુ અથડાતું'તુ,
તોય હસતું રમતું જાતું'તુ ... એક ઝરણું...



એને કાંઠે પુનમની રાત પડે,
એને જોવાને ચાંદો આભ ચડે,
એને જોઈને મોં મલકાતું'તુ ... એક ઝરણું...

સીમ ગામને ખેતર પાદરમાં,
હસતુરમતુ એ જાતું'તુ,
રમતુ ભમતુ, ભમતુ રમતુ,
એતો સાગરમાંહી સમાતું'તુ... એક ઝરણું...



એને કાંઠે પંખીડા પાણી પીએ,
એને તીરે નાના બાળ રમે,
રોજ આનંદથી ઉભરાતું'તુ... એક ઝરણું...

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : ધ્રોળ, જિલ્લો : જામનગર

## :: ભજન ::

# રાધા ઢુંઢ રહી



રાધા ઢુંઢ રહી, કિસીને મેરા શ્યામ દેખા (૨)

રાધા તેરે શ્યામ કો ગોકુલ મેં દેખા (૨)

ગૈયા ચરાતે હુએ, રાધા તેરા શ્યામ દેખા (૨)

રાધા ઢુંઢ રહી ...



રાધા તેરે શ્યામ કો વૃંદાવન મેં દેખા (૨)

બંસી બજાતે હુએ, રાધા તેરા શ્યામ દેખા (૨)

રાધા ઢુંઢ રહી ...



રાધા તેરે શ્યામ કો મથુરા મેં દેખા (૨)

રાસ રચાતે હુએ, રાધા તેરા શ્યામ દેખા (૨)

રાધા ઢુંઢ રહી ...



રાધા તેરે શ્યામ કો સર્વજગત મેં દેખા (૨)

રાધા રાધા રટતે હુએ, રાધા તેરા શ્યામ દેખા (૨)

રાધા ઢુંઢ રહી ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: <u>ભજન</u> ::

# <u>ચોરી ચોરી માખણ</u>



ચોરી ચોરી માખણ ખાય ગયો રે,

યશોદા કે લલનવા (૨)

મૈને ઉસે પૂછા કી નામ તેરા કયા હૈ ? (૨)

કિશન કનૈયા બતાઈ ગયો રે,યશોદા કે લલનવા (૨)

મૈને ઉસે પૂછાકી ગામ તેરા કયા હૈ ? (૨)

ગોકુલ ગામ બતાઈ ગયો રે, યશોદા કે લલનવા (૨)

મૈને ઉસે પૂછાકી મા-બાપ તેરા કૌન હૈ ? (૨)

નંદ યશોદા બતાઈ ગયા રે, યશોદા કે લલનવા (૨)

મૈને ઉસે પૂછાકી પ્યારી તેરી કૌન હૈ ? (૨)

રાધા રાણી બતાઈ ગયો રે, યશોદા કે લલનવા (૨)

ચોરી ચોરી માખણ ખાય ગયો રે,

યશોદા કે લલનવા (૨)



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# પાપ તારું પડકાર

પાપ તારું પડકાર જાડેજા, ધરમ તારો સંભાળ રે,
તારી બેડલીને ડૂબવા નહીં દઉ (૨)
હે... જાડેજા રે... એમ તોરલ કે છે જી.

તોડી સરોવર પાળ, સતી રાણી તોડી સરોવર પાળ રે,
ગૌ-ધન તરસ્યા વાળીયા (૨),
તોળાં દે રે એમ જેસલ કહે છે જી.



લૂંટી કુંવારી જાન સતી રાણી રે,
મેં તો સાતવીસ મોડબંધા મારિયા (૨),
તોળા રે એમ જેસલ કે છે જી.

હરણ હર્યા લખચાર, સતી રાણી (૨)
મેં તો વનનાં તે મોરલા મારિયા (૨)
તોળા દે રે એમ જેસલ કે છે જી.

ચરતી ગાયવાળી,... સતી રાણી (૨)
મેં તો બેન ભાણેજને દુભાવિયા (૨)
તોળા દે રે... એમ જેસલ કે છે જી.

પાપ તારું પડકાર જાડેજા, ધરમ તારો સંભાળ રે,
તારી બેડલીને ડૂબવા નહીં દઉ (૨)
હે... જાડેજા રે... એમ તોરલ કે છે જી.



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: બાળગીત ::

# હે પેલા પેલા

હે પેલા પેલા, હે પેલા પેલા,
પેલા વાદળને જોઈ મને થાય,
એના જેવું જો રૂપ મળી જાય,
બસ વર્ષ્યા કરું...(૨)



પેલા પંખીને જોઈ મને થાય,
તેના જેવી જો પાંખ મળી જાય,
બસ ઉડયા કરું... (૨)



પેલા સૂરજને જોઈ મને થાય,
તેના જેવું જો તેજ મળી જાય,
બસ ચમકયા કરું...(૨)




પેલી નિશાળને જોઈને મને થાય,
એમાં ભણવાને જો મળી જાય,
બસ ભણ્યા કરું... (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: સ્વાગત ગીત ::

# આવો મહેમાન જરા



આવો મહેમાન જરા આવી જજો હો (૨)
શાળા અમારી દિપાવી જજો હો... (૨)
સાથિયા પૂરીને મેં તો ચોક શણગાર્યા (૨)
દિપમાળાઓ જલાવી જજો હો (૨)
શાળા અમારી દિપાવી જજો હો...

અબીલ ગુલાલ ભરી આવી કુમારીકા (૨)
નિત્ય એજ સ્નેહે સ્વીકારી જજો હો (૨)
શાળા અમારી દિપાવી જજો હો...



ગુલાબ મોગરાના હાર બનાવ્યા (૨)
સ્વાગત સ્નેહે સ્વીકારી જજો હો (૨)
શાળા અમારી દિપાવી જજો હો...

સરસ્વતીનું મંદિર અમારું (૨)
પુનીત પગલાઓ પાડી જજો હો (૨)
શાળા અમારી દિપાવી જજો હો...

આવો મહેમાન જરા આવી જજો હો (૨)
શાળા અમારી દિપાવી જજો હો... (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ગરબો ::

# સવામણ સોનું

સવામણ સોનું ને અધમણ રૂપું,
હો એની મેં તો ટીલડી ઘડાવી હો રાજ,
ટીલડી રે ટીલડી રે મારા નયણોમાં રેશે.



ટીલડી ચોડીને હું તો સાસરા ઘેર ગઈતી,
હે... મારી સાસુડીએ તો મોં મચકોડયા,
હો રાજ... ટીલડી રે...

કેમ રે સાસુડી તમે મોં મચકોડયા,
હે... નથી મારા સસરે ઘડાવી,
હો રાજ... ટીલડી રે...

ટીલડી ચોડીને હું તો જેઠ ઘેર ગઈતી,
હે... મારા જેઠાણીએ મો મચકોડયા,
હો રાજ... ટીલડી રે...

કેમ રે જેઠાણી તમે મોં ચમકોડયા,
હે... નથી મારા જેઠે ઘડાવી
હો રાજ... ટીલડી રે...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

ટીલડી ચોડીને હું તો દિયર ઘેર ગઈતી,

હે... મારા દેરાણીએ મોં ચકોડયા,

હો રાજ... ટીલડી રે....



કેમ રે દેરાણી તમે મોં મચકોડયા,

હે... નથી મારા દિયરે ઘડાવી,

હો રાજ... ટીલડી રે...

ટીલડી ચોડીને હું તો પીયું ઘેર ગઈતી,

હે... મારા પીયુજીએ હોશથી વધાવી,

હો રાજ...ટીલડી રે...

સવામણ સોનું ને અધમણ રૂપું,

હો એની મેં તો ટીલડી ઘડાવી હો રાજ,

ટીલડી રે ટીલડી રે મારા નયણોમાં રેશે.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: રાજસ્થાની નૃત્ય ::

## હોલીયો મેં



હોલીયો મેં ઉડે રે ગુલાલ,
અયો રે મંગેતર રે (૨)

મારી રે મંગેતર નથલીવાલી,
મુંછાવાળો રે નવાબ, અયો રે મંગેતર સે (૨)
હોલીઓ મેં ઉડે રે ગુલાલ,
અયો રે મંગેતર રે (૨)



મારી રે મંગેતર ચુડલાવાળી,
કડલાવાળો રે નવાબ, અયો રે મંગેતર રે (૨)
હોલીયો મેં ઉડે રે ગુલાલ,
અયો રે મંગેતર રે (૨)

મારી રે મંગેતર ઝાંઝર વાળી,
મોજડી વાળો રે નવાબ, અયો રે મંગેતર સે (૨)
હોલીયો મેં ઉડે રે ગુલાલ,
અયો રે મંગેતર રે (૨)



મારી રે મંગેતર ઘાઘરીવાળી,
ધોતીવાળો રે નવાબ, અયો રે મંગેતર સે (૨)
હોલીયો મેં ઉડે રે ગુલાલ,
અયો રે મંગેતર રે (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# સિનેમા સિનેમા



સિનેમા સિનેમા સિનેમા તેરી મસ્તીને,
બિગાડા જમાના બિગાડા જમાના (૨)

આ નહિ બિગાડા ચાય પીને વાલોને,
ઔર નહિ બિગાડા કોફી પીને વાલોને,
તો ફીર કિસને બિગાડા યે જમાના ?
શરાબ પીને વાલોને, બિગાડા જમાના (૨)



આ નહિ બિગાડા ધોતી પહેનને વાલોને,
ઔર નહિ બિગાડા પેન્ટ પહેનને વાલોને,
તો ફિર કિસને બિગાડા હૈ જમાના ?
જિન્સ પેન્ટ વાલોન, બિગાડા જમાના (૨)

આ નહિ બિગાડા પ્રાથમિક વાલોને,
ઔર નહિ બિગાડા માધ્યમિક વાલોને,
તો ફિર કિસને બિગાડા હૈ જમાના ?
કોલેજ વાલોને, બિગાડા જમાના (૨)

આ નહિ બિગાડા સાડી પહેનને વાલોને,
ઔર નહિ બિગાડા ડ્રેસ પહેનને વાલોને,
તો ફિર કિસને બિગાડા હૈ ?
સ્કટ પહેનને વાલોને, બિગાડા જમાના (૨)



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# હારે અમે શેરીએ



હારે અમે શેરીએ રમતા બાળ,
શેરીએ રમવા દો,
હારે અમે આનંદે ખેલશું આજ,
શેરીએ રમવા દો.



બાબો આવે, બેબી આવે,
ખાવાનું એ સૌ કોઈ લાવે,
હારે અમે ઉજાણી કરશું આજ,
શેરીએ રમવા દો... (૨)



ધાણી લાવે ચણા લાવે,
પૈસા લઈને સૌ કોઈ આવે,
હારે અમે ઉજાણી કરતાં બાળ,
શેરીએ રમવા દો... (૨)

મમ્મી આવે, પપ્પા આવે,
તેડવા માટે સૌ કોઈ આવે,
હારે અમે આમતેમ નાચતા બાળ,
શેરીએ રમવા દો... (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# અમે નાના



અમે નાના નાના હરણા (૪)

ઠુમક ઠુમક ઠુમ ચાલ અમારી (૨)

ખાતા કુણા તરણા (૩)

અમે નાના...

કોઈ પકડવા આવે ત્યારે (૨)

કુદી જાતા ઝરણા (૨)

અમે નાના...

શ્રી ભેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રાટડા, જિલ્લો : ભાવનગર




કોક'દિ ડુંગર પછવાડે જઈ (૨)

હળી મળીને રમતા (૨)

અમે નાના...

# :: અભ્યાસ ગીત ::




મારે ક્ષમતા

મારે ક્ષમતા લક્ષી ભણવું છે

સીધુ સાદું ગમતું નથી

મારે ગુણવત્તા લક્ષી ભણવું છે



સીધુ સાદું ગમતું નથી

મારે ભાર વગરનું ભણવું છે

ભાર વાળું ગમતું નથી



હે મારે M.L.L માં મહાલવું છે

મારે S.O.P.T. માં ભણવું છે.

સીધુ સાદું ગમતું નથી.

હે મારે D.P.E.P. માં દોડવું છે.

મારે ઉમંગ-તરંગમાં તરવું છે.

સીધુ સાદું ગમતું નથી.



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: સ્વાગત ગીત ::

# મોંઘા મહેમાનને હો



મોંઘા મહેમાનને હો અમે સત્કારીએ,
અંતરના ઉમળકે હો આપને વધાવીએ (૨)

પાવન પધરામણી ભલે થઈ આપની,
નાજુક આ ફુલડાં હો આપને ચડાવીએ (૨)

ભલે પધાર્યા આપ અમારે આંગણે,
સાંભળી સંબોધનને હો અંતરમાં ઉતારીએ (૨)

મોંઘા મહેમાનને હો અમે સત્કારીએ (૨)



ગામડાની બાળાઓ અમે નાનકડી,
સ્વાગતની રીતમાં હો અમે શું જાણીએ? (૨)

મોંઘા મહેમાન જોઈ અંતરમાં ઠરીએ,
ભાવભર્યાં ગીતડે હો અમે રીઝવીએ (૨)

મોંઘા મહેમાનને હો અમે સત્કારીએ,
અંતરના ઉમળકે હો આપને વધાવીએ (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## કૃષ્ણ–પ્રભુ



કૃષ્ણ–પ્રભુ, કૃષ્ણ પ્રભુ,
મારું જીવન જોવા આવશો કે નહી ?
આવશો કે નહી ?



જીવન ખીલાવીશ ફૂલોના જેવું,
સુંગધ માણવા આવશો કે નહી ?
આવશો કે નહી ?

વહેલો ઉઠીને નમન કરીશ હું,
બુદ્ધિ સુધારવા આવશો કે નહી ?
આવશો કે નહી ?





તમને ધરીને ભોજન કરીશ હું,
ખાધું પચાવવા આવશો કે નહી ?
આવશો કે નહી ?

તમને નમીને સૂઇ જઇશ હું,
શાંતિનું દાન દેવા આવશો કે નહી ?
આવશો કે નહી ?



શ્લોકો શીખીને મોટે કરીશ હું,
પ્રાર્થના સાંભળવા આવશો કે નહી ?
આવશો કે નહી ?



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: આભાર ગીત ::

## બોલો થેન્ક્યું...

Thank u very much

બોલો થેન્ક્યું, બોલો થેન્ક્યું
બોલો થેન્ક્યું વેરીમચ !

ઉપકાર કર્યા અમ પર તમે તેથી,
થેન્ક્યું વેરીમચ !
મમ્મી-પપ્પાના ચરણો ચૂંમીને,
કહીએ થેન્ક્યું !



જાતે દુઃખ વેઠીને અમને જીવનનું સુખ આપ્યું,
મમ્મી થેન્ક્યું, પપ્પા થેન્ક્યું તમને,
થેન્ક્યું વેરીમચ !



ઉપકાર કર્યા અમ પર,
સંત ગુરૂને ઋષિમુનિઓને ભાવથી કહીએ થેન્ક્યું,
અસાની અંધારા હટાવી જ્ઞાનનું તેજ ફેલાવ્યું,
ગુરૂ થેન્ક્યું ! ઋષિ થેન્ક્યું ! તમને થેન્ક્યું વેરીમચ !

વૃક્ષ, નદી, સુરજદાદાને પશુ-પંખીને થેન્ક્યું,
સુખ-સગવડ અમને આપી તમે દુઃખનું ઝેર પચાવ્યું,
નદી થેન્ક્યું ! વૃક્ષ થેન્ક્યું ! તમને થેન્ક્યું વેરીમચ !



અમ જીવનનું પુષ્પ ખીલવનાર દાદા તમને થેન્ક્યું,
થેન્ક્યું કહેતાં શીખવ્યું અમને તેથી ડબલ થેન્ક્યું,
દાદા થેન્ક્યું ! તાઈ થેન્ક્યું ! દાદી થેન્ક્યું વેરીમચ !

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

# એના કરી લે



એના કરી લે તું દર્શન રે

અંતર જેના છે ઊજળા

અંતર ઉજળા, વાણી ઊજળા

વિચાર ઉજળા, વર્તન ઊજળા

એના ચરણોમાં તન મન ધન રે

અંતર જેના છે ઊજળાં

એના કરી લે તું દર્શન રે

અંતર જેના છે ઊજળાં



શ્રી ભેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: ધુન ::

# ઓ ફૂલ ખીલેલા




ઓ ફૂલ ખીલેલા ગર્વ ન કર તું

તારું જીવન બદલાઈ જશે

બદલાઈ જશે, કરમાઈ જશે

કરમાઈ જશે, ચૂંટાઈ જશે



તું ફૂલનું જીવન સમજાઈ જશે

ઓ ફૂલ ખીલેલા ગર્વ ન કર તું

તારું જીવન બદલાઈ જશે.

શ્રી ગેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રાટકા, જિલ્લો : ભાવનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ધુન ::

## કનૈયા લે



કનૈયા લે, કનૈયા લે

મધૂરી મોરલી તારી

મધૂરી  મોરલી તારી

મધૂરી  બંસરી તારી

હસેલાને રડાવે છે

રડેલાને હસાવે છે



જાગેલાને સુવડાવે છે

સૂતેલાને જગાડે છે

ભૂલેલાને સ્મરણ તારું

સુ-પંથે દોડનારું છે

કનૈયા લે, કનૈયા લે

મધૂરી મોરલી તારી

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# મમ્મી મારો લટકો



મમ્મી મારો લટકો થોડો થોડો જોજે,

ઝાંઝર પહેરીને હું તો નિશાળે ગઈતી,

ઝાંઝર મારા છનનન થાય (૨)

મમ્મી મારો...



બંગડી પહેરીને હું તો નિશાળે ગઈતી,


બંગડી મારી ખનનન થઈ (૨)

મમ્મી મારો...

ઘાઘરી પહેરીને હું તો નિશાળે ગઈતી,

ઘાઘરી મારી ઘમર ઘમર થઈતી,

મમ્મી મારો...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## મારા પ્રભુજી



મારા પ્રભુજી નાના છે
દુનિયા ભરના રાજા છે

આભે ચડીને ઊભા છે
સાગર જળમાં સૂતા છે

યમૂના કિનારે ઊભા છે
મીઠી મીઠી બંસરી બજાવે છે



પગમાં ઝાંઝર પહેર્યા છે
રુમઝુમ રુમઝુમ નાચે છે

મારા પ્રભુજી નાના છે
દુનિયા ભરના રાજા છે

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: <u>અભિનય ગીત</u> ::

## <u>મમ્મી મુજે</u>





મમ્મી મુજે ગુડિયા મંગવા દે (૨)

ગુડિયા સે ખેલુંગી (૨)

મમ્મી મુજે...

મમ્મી મુજે બાજા મંગવા દે (૨)

ગુડિયા સે ખેલુંગી, બાજા બજાઉંગી,

મમ્મી મુજે...

મમ્મી મુજે ટોપો મંગવા દે (૨)

ગુડિયા સે ખેલુંગી, બાજા બજાઉંગી, ટોપા મેં પહેનુંગી

મમ્મી મુજે...

મમ્મી મુજે ઘોડો મંગવા દે (૨)

ગુડિયા સે ખેલુંગી, બાજા બજાઉંગી, ટોપા મેં પહેનુંગી, ઘોડે પે બેઠુંગી

મમ્મી મુજે...

મમ્મી મુજે બંસરી મંગવા દે

ગુડિયા સે ખેલુંગી, બાજા બજાઉંગી, ટોપા મેં પહેનુંગી, ઘોડે પે બેઠુંગી, બંસરી બજાઉંગી

મમ્મી મુજે

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

# :: અભિનય ગીત ::

## કોયલ કૂકૂ ગાય



કોયલ કૂકૂ ગાય મને ગાવાનું મન થાય,
ગાવાનું મન જયાં શરૂ કરું ત્યાં !
પપ્પા મારા ખીજાય !
કોયલ કૂકૂ...



ચકલી ચણચણ ખાય,
મને ખાવનું મન થાય !
ખાવાનો આ સમય નથી !
એમ મમ્મી મારી ખીજાય !
કોયલ કૂકૂ...

ઊડતું પતંગિયું જોઈ,
મને ઊડવાનું મન થાય !
ઊંચા હાથ કરી ઊડું ત્યાં !
નીચે પડી જવાય !
કોયલ કૂકૂ...





પથારીએ સૂતા,
મને કંઈ કંઈ વિચાર થાય !
વિચારે જયાં ચડી જાઉં તો !
સ્વપ્ને સરી જવાય !
કોયલ કૂકૂ...

શ્રી ગેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

## :: ભજન ::

# ચાંદો ઊગ્યો



ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ,
ચાંદો ઊગ્યો ચોકમાં,
હેલ્લરીડા (૨)


હરણ્યું આથમી રે હાલર, શહેરમાં અરજાણિયા,
હે... પાવો વગાડમાં, ઘાયલ પાવો વગાડમાં,
હેલ્લરીડા (૨)

પાવાના સુરે નાચે જોબન અરજાણિયા, ચાંદો...
હે... લાલ કસુંબલ ઘાઘરો ઘાયલ, લાલ કસુંબલ ઘાઘરો,
હેલ્લરીડા (૨)

દરિયાઈ મોજવું જોવા આવરે અરજાણિયા,ચાંદો...
હે... રાતી–રાતી પાનીયું ઘાયલ,
રાતી–રાતી પાનીયું,
હેલ્લરીડા (૨)

પાનીએ ચડકયો રે ઓલ્યો બીછડો અરજાણિયા, ચાંદો...
હે જોબને ઊડતું ફૂમતું ઘાયલ,
જોબને ઉડતું ફૂમતું,
હેલ્લરીડા (૨)

ફૂમતડે ઘૂમતી જોવા,
આવરે અરજાણિયા,
ચાંદો...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# માછલી વિયાણી

માછલી વિયાણી દરિયાને બેટ,
સરવણ રીયો, એની માને પેટ,
કાળી પછેડીને ભમ્મરિયાળી ભાત,
સરવણ જનમ્યો માઝમ રાત.

અડી–અડી વાવને નવઘણ કૂવો,
ત્યાં સરવણનો જનમ થિયો,
લાંબી પીંપળને ટૂંકા છે પાન,
સરવણ ધાવે એની માને ધાચ.

પાંચ વરસનો સરવણ થિયો,
લઈ પાટીને ભણવા ગિયો,
ભણી ગણીને વાંચતો થિયો,
સુધરી નારને પરણી ગિયો.

સુધરી નાર મારા વચન સુનો,
મારા આંધળા મા–બાપની સેવા કરો,
આંધળા મા–બાપને કુવામાં નાખ,
મને તો મારા પિયરીયે વળાવ.

આગળ સરવણને વાહે નાર,
સરવણ હાલ્યા સસરા ઘર,
સસરાજી રે મારો વચન સૂણો,
તમારી દિકરીને ઘરમાં પૂરો.

શ્રી ગેવાટા પ્રાથમિક શાળા, તાલુકો : કાટકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

ઓ...રે જમાઈરાજ જમતારે જાવ,
દિકરીના અવગણ કે તારે જાવ,
ઈરે અભાગણના મોં કોણ જુએ,
મારા આંધળા મા–બાપને નાખે કુવે.

ત્યાંથી સરવણ હાલતો થાય,
સુથારીના ઘર પૂછતો જાય,
ભાઈ સુથારી મારો વચન સુણો,
મારા આંધળા મા–બાપને કાવડ ઘડો.

પછી કાવડને સાતવો તીર,
સરવણ હાલ્યા સરયુને નીર,
ભરીયા લોટાને ખખડયાં નીર,
સરવણ વિંધાણો પહેલે તીર.

લ્યોરે બેનબા પાણીડા પીવો,
તમારો સરવણ ધામ ગિયો,
મારો સરવણ ધામે નથી ગિયો,
મારા સરવણને વસવસો રિયો.

પુત્ર વિજોગે અમે તજીએ રે પ્રાણ,
દશરથ તારા એજ એંધાણ,
દશરથ રાજાને શ્રાપ જ થાય,
રાજા વિયોગે એનો જીવડો રે જાય.



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

## ભકિત કરતાં



ભક્તિ કરતાં છૂટે મારો પ્રાણ,
પ્રભુ એવુ માંગુ છું,
રહે જનમો જનમ તારો સાથ,
પ્રભુ એવુ માંગુ છું.

તારું  મુખડું મનોહર જોયા કરું,
રાત દાડો ભજન તારું કર્યા કરું,
રહે અંત સમય તારું ધ્યાન,
પ્રભુ એવુ માંગુ છું.



મારી આશા નિરાશા કરશો નહિ,
મારા અવગુણ હૈયામાં ધરશો નહિ,
શ્વાસે શ્વાસે રહું તારું નામ,
પ્રભુ એવુ માંગુ છું.

મારા પાપને તાપ સમાવી લેજો,
તારા બાળને દાસ બનાવી લેજો,
દેજો આવીને દર્શન દાન,
પ્રભુ એવુ માંગુ છું.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

## શ્યામ તારી યાદ



શ્યામ તારી યાદ તો વિસરાય ના,
પ્રેમની પીડા હવે તો સહેવાયના (૨)
શ્યામ તારી...

ભોળા ભાવે મેં કરીતી પ્રીતડી,
દેહ દઈને કાળજું કોળાયના (૨)
શ્યામ તારી...

આંખથી અડગો કદી રાખ્યો નથી,
તારા વિના એકલું રહેવાયના (૨)
શ્યામ તારી...

લોક પુછે છે મને હું શું કહું,
દાઝયા દિલની વાત તો કહેવાયના (૨)
શ્યામ તારી...

સુખના સપના આ બધા રોળાઈ ગયા,
બિંદુની આશા નિરાશા થાયના (૨)
શ્યામ તારી...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# પારણીયું બંધાય



પારણીયું બંધાય, માઁ જશોદા ગીત ગાય,
લાલો મારો પારણીયે ક્યારે પોઢી જાય...

મારા લાલને હિંચકે હિંચાવુ,
હું તો ગીત મધુરા ગાવું,
એને મારા હૈયામાં સમાવું,
હું એના હૈયામાં સમાવું,
મારો લાલો લાલમ લાલ એના ગુલાબી છે ગાલ,
કેવા સુંદર સોહાય, પારણીય બંધાય...

હું તો ચાહુ કે જલ્દીના જાગે,
એને રમાડવા કોઈ ન માગે,
એને બાંધ્યો છે કાળે ધાગે,
જેથી કોઈની નજર ના લાગે,
મારો લાલો કરમાય એ તો જોયુના જોવાય,
મારું હૈયું દુભાય, પારણીયું બંધાય...



એ તો મારો કનૈયો થાશે,
પછી ગાયો ચરાવવા જાશે,
એને મોટો કરું એવી આશે,
મારું નામ અમર ગવાશે,
પુનિત પ્રેમામૃત થાય,
રામ ભક્તિવાળી જાય,
વળી વારેવારે ગાય,
પારણીયું બંધાય...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: ભજન ::

# તમે મન મુકીને

તમે મન મુકીને વરસ્યા,
અમે જનમ જનમના તરસ્યા.




તમે મુશળધારે વરસ્યા,
અમે જનમ જનમના તરસ્યા,
હજાર હાથે તમે દીધું પણ,
ઝોળી અમારી ખાલી.

જ્ઞાન ખજાનો તમે લુટાવ્યો,
તોયે અમે અજ્ઞાની,
તમે સૂરજ થઈને ચમક્યા,
અમે અંધારામાં ભટક્યા.



પ્રેમની ગંગા તમે વહાવી,
જીવન નિર્મળ કરવા,
પાવન જ્યોતિ તમે જગાવી,
આતમ ઉજ્જવળ કરવા.

તમે મહેરામણ થઈ ઉમટ્યા,
અમે કાંઠે આવી અટક્યા,
શબ્દે શબ્દે શાતા આપે,
એવી તમારી વાણી.

એ વાણીની પાવનતાને અમે શક્યાના પીછાલી,
તમે અમૃતરૂપે વરસ્યા,
તમે મન મુકીને વરસ્યા,
અમે જનમ જનમના તરસ્યા.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# તેરી પૂજા કરું



તેરી પૂજા કરું દિલસે
મેરી પૂજા અમર કરદો
તેરી ભક્તિ કરું  મનસે
મેરી ભક્તિ અમર કર ખદો
જીવનકા ભરોસા નહિ
એક તેરા ભરોસા હૈ
મુજે ભૂલ ન જાના કભી
તેરા મેરા યે બંધન હૈ
મૈં તો યાદ કરું દિલસે
મેરી યાદ અમર કર દો.





મૈં એક મુસાફિર હું
તેરે પાસ બસરો હૈં
સુખ દુ:ખ કા સાથી તું
ભક્તિ કા સહારા તું
દિનરાત મૈં ભક્તિ કરું
મેરી ભક્તિ અમર કર દો
કૈસે તેરે ગુણ ગાઉ
કૈસે મૈં દર્શન પાઉં
આશા કરી આશા કરું
પ્રેમ સે જો બીનતિ



શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભાવગીત ::



ધ્યેય નિષ્ઠા હો જીવનમાં,
એ જીવન શણગાર છે,
દિવ્ય બુદ્ધિની કસોટી.

કાળનો પડકાર છે,
પ્રાર્થના મારી પ્રભુ તવ,
કાર્ય હો આરાધના,
ધ્યેય નિશ્ચિત કાર્ય સિદ્ધિ,
એજ મારી પ્રાર્થના,
તુ વસ્યો મુજમાં પ્રભુએ,
કેટલો ઉપકાર છે,
દિવ્ય બુદ્ધિની...




આવતા સંકટ ભલેને,
આવતા મુજ સામને,
ધ્યેય નિષ્ઠાના કદી,
ઢીલા પડે સમરાંગણે,
સંગમાં મારી સદા,
ગીતા તણો ગાનાર છે,
દિવ્ય બુદ્ધિની...

પાંડુરંગે રાહ બતાવ્યો,
એજ રાહે ચાલશું,
મૃત્યુને મંગલ બનાવી,
પ્રેરણામાં પાંડુરંગી પ્રીતનો પડકાર છે,
દિવ્ય બુદ્ધિની...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

# :: દેશભક્તિ ગીત ::

## કાશ્મીર ભારતનું



કાશ્મીર ભારતનું કહેવાય,
એ તો કોઈથી ના જીતાય,
ઝંડો ફરકી રહ્યો છે દિલ્લી શહેરમાં,
જાગો જાગો રે જવાનો હિન્દુસ્તાનમાં.

આવ્યું કપટી પાકિસ્તાન,
તોડી પાડ્યું છે વિમાન,
એના ભૂકકા થયા છે રણમેદાનમાં,
જાગો જાગો...

તારીખ એકવીસને મંગળવાર,
થયું અકાળે અવસાન,
તેની ચિતા સળગાવી અમદાવાદમાં,
જાગો જાગો...


કોઈના નાના નાના બાળ,
કોઈના કુટુંબ પરિવાર,
એવા પાપીને ભગાડો પાકિસ્તાનમાં,
જાગો જાગો...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: જનની ગીત ::

## મીઠાં મધુને



મીઠાં મધુને મીઠાં મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.

પ્રભુના એ પ્રેમ તણી પુતડીરે લોલ,
જગથી જુદેરી એની જાત જો,
જનનીની જોડ...

અમીની ભરેલી એની આખડી રે લોલ,
વ્હાલથી ભરેલા એના વેણ રે,
જનનીની જોડ...



હાથ ગુંથેલ એના હીરનારે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે,
જનનીની જોડ...

દેવોને દૂધ એના દોહપલા રે લોલ,
શશીએ સીંચેલ એની શાડે રે,
જનનીની જોડ...



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

જગનો આધાર એની આંગળી રે લોલ,

કાળજામાં કૈક ભર્યા કોડ રે,

જનનીની જોડ...

ચિતડું ચડેલું એનું ચાકડે રે લોલ,

પળના બાંધેલ એના પ્રાણ રે,

જનનીની જોડ...

ધરતી માતાએ હજી ધ્રુજતી રે લોલ,

અચળા અચૂક એના માપ રે,

જનનીની જોડ...





WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: સ્વાગત ગીત ::


## આંગણે પધારો



આંગણે પધારો અતિથિ અમારા,
સ્નેહથી સ્વીકારો સન્માન અમારા,
આસોપાલવના તોરણ બંધાવ્યા,
કુમકુમના મેં તો સાથિયા પુરાવ્યા,
આંગણે પધારો...
સ્નેહથી સ્વીકારો...



દીલડાના દીવા મેં તો પ્રગટાવ્યા,
અંતરના ભાવ, અધૂરા રખાવ્યા,
ગુલાબ ડોલરના હાર બનાવ્યા,
હૃદય કમળથી તમને વધાવ્યા,
આંગણે પધારો...



વાગે રુમઝુમ રુમઝુમ પાયલ ઝાંઝરું,
સ્વાગત કરું તો મારું નાચે મનડું,
આંગણેને પાંગલે ફૂલોના હાર,
વચમાં કસુંમોની હાર હાર,
આવી પાવન કરો,
અમે શાળાના બાળ,
સ્વાગત કરું...




અમારી શાળામાં આજે ગુરુવાર,
પધારેલ મહેમાનોને વંદન વારંવાર,
સ્વાગત કરું...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: સ્વાગત ગીત ::

## સ્વાગતમ્ સ્વાગતમ્



સ્વાગતમ્ સ્વાગતમ્... સ્વાગતમ્

સુખદામ્ વરદામ્ વરદામ્ સુખદામ્ (૨)

વ્હાલા મહેમાન તમે આવ્યા છો વહેલા,

હૈયાના હેતથી કરીએ વધામણા (૨)

સુખદામ્ વરદામ્...

રંગને અનેક રંગ સરકયા સોહામણા,

ગાયા સંગીત ગીત કંઈક કંઈક રાગના,

સુખદામ્ વરદામ્...



શબ્દોની મીઠી સુવાસ પ્રસરાવીએ,

આશાના શુભ દીપ આજે પ્રગટાવીએ,

સુખદામ્ વરદામ્...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: રાજસ્થાની ગીત ::

# પલ્લો લટકે



પલ્લો લટકે રે મારો પલ્લો લટકે (૨)
જરા સા આહ... જરા સા આહ,
જરાસા ટેઢો હો જા બાલમા,
મારો પલ્લો લટકે રે,
પલ્લો લટકે... (૨)

મુખડું મલકે ગોરીનું મુખડું મલકે (૨)
જરા સા આહ... જરા સા આહ,
જરાસા ટેઢો હોજા બાલમા,
મારો પલ્લો લટકે,
પલ્લો લટકે... (૨)



ચૂડી બનકે ગોરીની ચૂડી બનકે (૨)
જરાસા આહા જરા સા આહ,
જરાસા ટેઢો હો જા બાલમા,
મારો પલ્લો લટકે,
પલ્લો લટકે... (૨)

પાયલ ખનકે ગોરીના પાયલ ખનકે (૨)
જરાસા આહા જરાસા આહા,
જરાસા ટેઢો હોજા બાલમા,
મારો પલ્લો લટકે,
પલ્લો લટકે... (૨)

શ્રી બેરાજા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: તાલીમાર્થી ગીત ::

## શિક્ષણ કેરા



શિક્ષણ કેરા યુગમાં આજે
વિદ્યાર્થી બની બેઠો છું
હશે હજારો લક્ષ્ય છતાં
એક લક્ષ્ય બનાવી બેઠો છું
ઉત્તમ શિક્ષક બનવા આજે
પી.ટી.સી. કરી રહ્યો છું
થવા ભાવિ શિક્ષક આજે
તાલીમાર્થી બની ચૂક્યો છું
શાળાના વ્હાલા વિદ્યાર્થીઓ સામે
સર બની ચૂક્યો છું
વિદ્યાર્થીઓ સાથે વિદ્યાર્થીનીઓ વચ્ચે
પી.ટી.સી. કરી રહ્યો છું
ગુરુજનોની આત્મીયતાની વચ્ચે
મિત્ર બની બેઠો છું
પી.ટી.સી. કોલેજમાં આવ્યા પછી
તાલીમાર્થી બની ચૂક્યો છું



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# હું તારો બાળક



હું તારો બાળક છું, તું ભાગ્યવિધાતા છે,
દુનિયામાં નથી કોઈ હવે તારા વગર મારું,
હું તારો બાળક છું...

ભૂલો ભટકેલો છું તારી આ દુનિયામાં,
મને રાહ બતાવો પ્રભુ જીવન જીવવાને રે,
તારું ઋણ હું નહીં ભૂલું ચાહે જગમાં હું ના રહું,
દુનિયામાં નથી કોઈ હવે તારા વગર મારું,
હું તારો બાળક છું...



મેં પાપ કર્યા છે ઘણા માનવતા ભૂલીને,
તારા શરણે આવ્યો છું હવે નથી કોઈ આરો,
મને માફ કરી દે પ્રભુ મારો જન્મ સુધારી લે,
દુનિયામાં નથી કોઈ હવે તારા વગર મારું,
હું તારો બાળક છું...



જીવવાને નથી આરો શું કરું હું જીવીને,
મન મારું ભરાઈ ગયું જૂઠી આ દુનિયાથી,
મને પાછો બોલાવી લે, શું કરું હું અહીં રહીને,
દુનિયામાં નથી કોઈ હવે તારા વગર મારું,
હું તારો બાળક છું...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

# :: સ્મરણ ગીત ::

# જઈએ છીએ

જઈએ છીએ આજે તમારાથી દૂર હવે

ફરી મળાય ન મળાય તો યાદ કરજો

સતત પી.ટી.સી. ના શિક્ષણની ઘડીએ



ભેગા થયા આપણે બધા

મિલન થાય ન થાય ને જૂદા પડી ગયા



જિંદગી તો બહુ લાંબી છે

ક્યારેક સ્વપ્નમાં પણ યાદ કરી લેજો

ક્યારેક તો મળીશું મંજીલ તો બહુ લાંબી છે.

તમારા એ હોઠો પર અમારા નામને સમાવી લેજો

પૂજાવાની નથી કદીએ અમને આદત

પણ તમારી પૂજાના ફૂલમાં અમને સમાવી લેજો

હેત જો હોય તો તમને અમારા ઉપર



તમારા નાનકડા દિલમાં આ તમારા

મિત્ર કલ્પેશને સમાવી લેજો...

શ્રી ગેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કોટડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## ફાંદાળું પેટ

ફાંદાળું પેટ છે પપ્પાનું, ફાંદાળું પેટ છે પપ્પાનું

એને અડવા ના જોઈએ બહાનું

પપ્પાના પેટનો, મોટો વિસ્તાર છે

અડધું છે શર્ટમાં, અડધું એ બહાર છે

ના રહેતું કોઈથી એ છાનું



પપ્પાનું પેટ જોઈ, બોલે છે મમ્મી

ખાઓ કચુંબર, ઉતારો ટમ્મી

પણ ના માને એ મારી માનું

આખી નિશાળમાં મારું હું ગપ્પાં

સોટીથી પાતળાં છે મારા પપ્પા

પપ્પાને કોણ છે જોવાનું



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# વાદળ, વાદળ



વાદળ, વાદળ, વરસો પાણી,

મુજને મોજ પડે રમવાની... વાદળ

રૂમઝુમ વરસો, રૂમઝુમ વરસો,

ઝીણું ઝીણું ઝરમર વરસે,

મોજ પડે ફોરાં ઝીલવાની... વાદળ



ઠંડક, ઠંડક, થાય મારે તન,

ઠંડક, ઠંડક, થાય મારે મન,

જાય નાસી ગરમીની રાણી,

વાદળ, વાદળ વરસો પાણી.

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::


## એક બે ત્રણ ચાર



એક બે ત્રણ ચાર

અક્ષા રક્ષા દક્ષા

અહીં આવો, ભાઈ અહીં આવો



પાંચ, છ, સાત, આઠ

કક્ષા રક્ષા લક્ષા

કરો ધમાલ



નવ, દસ, અગિયાર, બાર

પક્ષી, ક્ષમા, રક્ષા


રમે સાથમ સાથ

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: અભિનય ગીત ::


## શાળા, શાળા



મને ગમે છે શાળા ખોલે નવી દિશામાં તાળાં... શાળા, શાળા...

X x Y = ?





ગણિત ને વિજ્ઞાન ભણું હું, ભણું ભૂગોળ ને ભાષા,

ને ઈતિહાસમાં હું વાંચુ છું માનવતાની ગાથા,

ભણી ગણીને ચારે બાજુ ફેલાવીશ અજવાળાં... શાળા, શાળા...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર



ભણતરથી જીવન મહેંકે છે, ફૂલથી આંગણ મહેંકે

શાળાનો ડંકો વાગેને મનનો મોરલો ગહેંકે,

દુઃખ હટશે બનશે ઘરમાં સુખના માળા... શાળા, શાળા...




બા, બાપુજી, ફૈબા સૌ જાણે ભણતરનો મહિમા,

આ છે દીવાદાંડી ચીંધે મારગ મુશ્કેલીમાં,


ભણતરનો મંતર ટાળે છે, દુઃખના વસમા દાડા ... શાળા, શાળા...

# :: અભિનય ગીત ::

# કાળી ધોળી




કાળી ધોળી રાતી ગાય
પીએ પાણી ચરવા જાય
ચાર પગ ને આંચળ ચાર,
વાછરડાં પર હેત અપાર.



પાછળ પૂંછડાં પર છે વાળ,
તેથી કરે શરીર સંભાળ,
કાન સિંગ, બે મોટી આંખ,
પૂંછડાથી ઉડાડે માખ.

નરમ રુંવાટી લિસ્સું અંગ,
ગેલ કરે વાછરડાં સંગ,
દૂધ તેનું ધોળું દેખાય,
સાકર નાખી હોંશે ખાય.




દહીં માખણ ઘી તેનાં થાય,
તેથી બહુ ઉપયોગી ગાય.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# હું રામાયણનો



હું રામાયણનો હનુમાન છું,
મારું પૂંછડું લાંબું.

મહાભારતનો હું ભીમ છું,
સાથે ગદા રાખું.

મારી તો સોનાની ખાણ છે,
મારી પાસે ધનુષ-બાણ છે,

મારી પાસે મોરપિંછ છે,
હું વાંસળી જેવો વાગું.

મારી પાસે હીરા-મોતી,
રંગરંગની લાખ લખોટી.

મારું ધાર્યું થાય નહીં તો,
કરતો એવું ત્રાગું.

રડું એટલો જોરશોરથી,
કે એકમેકને એવું થાતું,
કે કેમ કરીને,
આ બળિયાને હું તો છાનો રાખું ?



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: અભિનય ગીત ::

# જંગલ કેરા પ્રાણીઓની



જંગલ કેરા પ્રાણીઓની છૂક છૂક ગાડી ચાલી
સૌથી આગળ કાળો હાથી એૅન્જિન એ કહેવાય
હાથી ઉપર બેઠું સસલું ડ્રાઈવર એ કહેવાય
મોટાં મોટાં ફળ એ હાથીને દેતું જાય
જંગલ આખું ધમ ધમ થાતું પક્ષીઓ ગભરાય
જંગલ કેરાં...

લાંબી ડોકે જિરાફભાઈ જંગલ જોતા જાય
વરુ અને શિયાળ એના પગમાં અથડાય
કાણી આંખે કાગડાભાઈ જંગલ જોતા જાય
હરણ અને સાબર ઠેંકડા મારતાં જાય
જંગલ કેરાં...


કોટ પહેરી વાંદરાભાઈ ડબ્બે-ડબ્બે જાય
પાંદડાની ટિકિટ તપાસે ચેકર એ કહેવાય
સૌથી પાછળ ઝંડી લઈને રીંછભાઈ જાય
પીં પીં સીટી વગાડે, ગાડી ઊપડી જાય
જંગલ કેરાં...




શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: અભિનય ગીત ::



## ચાંદો સૂરજ



ચાંદો સૂરજ રમતા'તા
રમતાં રમતાં કોડી જડી
કોડીનાં મેં ચીભડાં લીધાં
ચીભડાએ મને બી આપ્યું



બી મેં તો વાડે નાખ્યું
વાડે મને વેલો આપ્યો
વેલો મેં તો ગાયને આપ્યો
ગાયે મને દૂધ આપ્યું



દૂધ મેં તો મોરને આપ્યું
મોરે મને પીછું આપ્યું




પીછું મેં બાદશાહને આપ્યું
બાદશાહે મને ઘોડો આપ્યો



ઘોડો મેં બાવળે બાંધ્યો
બાવળે મને શૂળ આપી
શૂળે મને માટી આપી



માટી મેં કુંભારને આપી
કુંભારે મને ઘડો આપ્યો



ઘડો મેં કૂવાને આપ્યો
કૂવાએ મને પાણી આપ્યું
પાણી મેં ફૂલછોડને આપ્યું
ફૂલછોડે મને ફૂલ આપ્યું



ફૂલ મેં માંને આપ્યું
માએ મને લાડવો આપ્યો
લાડવો આ બંદો ખાઈ ગયો........

શ્રી ભેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રાઉકા, જિલ્લો : ભાવનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN